dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-191 | AD-2026, Vaishakh Sud -01 | Saturday, Dt.18-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


**૨૯૮ સભ્યોએ બિલની તરફેણમાં મતદાન કર્યું, જ્યારે ૨૩૦ સભ્યોએ તેની વિરુધ્ધમાં મત પડતા બે તૃતિયાંશ બહુમતીનો આંકડો ન વટાવી શકવાના કારણે**

## લોકસભામાં 'મહિલા અનામત સંશોધન બીલ' નામંજૂર

નવી દિલ્હી,તા.૧૭

ભારતીય સંસદીય ઈતિહાસમાં ૧૭ એપ્રિલ, ૨૦૨૬નો દિવસ એક અત્યંત નોંધપાત્ર અને ચર્ચાસ્પદ દિવસ તરીકે અંકિત થઈ ગયો છે. લોકસભાના વિશેષ સત્ર દરમિયાન જેની વર્ષોથી રાહ જોવાતી હતી તે મહિલા અનામત અને સીમાંકન માટેનું બંધારણીય સુધારા વિધેયક આખરે પસાર થઈ શક્યું નથી. મહિલાઓને રાજકીય મુખ્યધારામાં લાવવા અને તેમને યોગ્ય પ્રતિનિધિત્વ આપવા માટેના આ પ્રયાસને સંસદમાં પૂરતી બહુમતી ન મળતા મોટો ફટકો પડ્યો છે. લોકસભામાં થયેલા મતદાનમાં બે તૃતિયાંશ બહુમતીનો આંકડો ન વટાવી શકવાના કારણે આ બિલ નાપાસ જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામ માત્ર એક બિલનો પરાજય નથી, પરંતુ તે દેશની અડધી આબાદીના રાજકીય અધિકારો માટેના સંઘર્ષમાં એક મોટો અવરોધ સાબિત થયો છે.લોકસભા સ્પીકર ઓમ બિરલાએ મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરિણામોની સત્તાવાર જાહેરાત કરી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, બંધારણીય સુધારા વિધેયક પર કુલ ૫૨૮ સભ્યોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાંથી ૨૯૮ સભ્યોએ બિલની તરફેણમાં મતદાન કર્યું હતું, જ્યારે ૨૩૦ સભ્યોએ તેની વિરુદ્ધમાં મત આપ્યા હતા. બંધારણીય સુધારા માટે સદનમાં હાજર અને મતદાન કરનારા સભ્યોની ઓછામાં ઓછી બે તૃતિયાંશ બહુમતી હોવી અનિવાર્ય છે. ૨૯૮નો આંકડો આ જરૂરિયાત પૂરી કરવામાં અસમર્થ રહ્યો હોવાથી સ્પીકરે સ્પષ્ટતા કરી કે બંધારણ ૧૩૧મો સુધારો વિધેયક હવે આગળ વધારવું શક્ય નથી. અગાઉ પ્રથમ રાઉન્ડના મતદાનમાં પણ સ્થિતિ સ્પષ્ટ નહોતી,



જેમાં ૪૮૯ સભ્યોમાંથી ૨૭૮ તરફેણમાં અને ૨૧૧ વિરોધમાં રહ્યા હતા. આ ગાણિતિક સમીકરણોએ સાબિત કરી દીધું કે સત્તાધારી પક્ષ વિપક્ષને વિશ્વાસમાં લેવામાં અથવા પૂરતું સમર્થન મેળવવામાં ઉણો ઉતર્યો છે.આ ઐતિહાસિક બિલના પતન બાદ સરકાર પક્ષે ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ અત્યંત નિરાશા સાથે જણાવ્યું હતું કે વિપક્ષે દેશની મહિલાઓને સન્માન અને અધિકાર આપવાની એક સુવર્ણ તક ગુમાવી દીધી છે. તેમણે આ પરિણામને દુર્ભાગ્યપૂર્ણ ગણાવતા ઉમેર્યું હતું કે આ બિલ માત્ર કાયદો નહોતો પરંતુ મહિલાઓના સશક્તિકરણનું એક અભિયાન હતું. વિપક્ષી દળોએ આ મહત્વપૂર્ણ મુદ્દે સહયોગ આપવાને બદલે રાજકીય અવરોધ ઊભો કર્યો હોવાનો આરોપ પણ તેમણે મૂક્યો હતો. સરકારના મતે આ બિલ પાસ થવું એ ભારતની લોકશાહી માટે એક સીમાચિહ્નરૂપ ઘટના બની હોત, પરંતુ પૂરતા સમર્થનના અભાવે આ મિશન અધૂરું રહી ગયું છે. જોકે, તેમણે મક્કમતાપૂર્વક કહ્યું કે મહિલાઓના અધિકારો માટેની લડાઈ અટકશે નહીં અને ભવિષ્યમાં પણ આ દિશામાં પ્રયત્નો ચાલુ રહેશે.બિલ નાપાસ થતાં જ સંસદ પરિસરમાં ભારે હોબાળો અને વિરોધ પ્રદર્શન જોવા મળ્યું હતું. ભાજપ અને એનડીએ ગઠબંધનની મહિલા સાંસદોએ સંસદના મકર દ્વાર પાસે એકઠા થઈને વિપક્ષ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. આ વિરોધ માત્ર સંસદ પૂરતો મર્યાદિત રહેવાનો નથી. શાસક પક્ષે જાહેરાત કરી છે કે ૧૮ એપ્રિલથી દેશભરમાં ઈન્ડિયા બ્લોક સાથે જોડાયેલા નેતાઓના નિવાસસ્થાન બહાર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. રાજકીય વિશ્લેષકો માને છે કે આ મુદ્દો હવે આગામી દિવસોમાં રસ્તા પરની લડાઈ બની જશે.

બીજી તરફ, લોકસભા સ્પીકરે ગૃહની કાર્યવાહી શનિવાર સવાર સુધી સ્થગિત કરી દીધી છે. બાકીના બે બિલો અંગે હવે સત્તા પક્ષ શું નિર્ણય લે છે તેના પર સૌની નજર ટકેલી છે. હાલના તબક્કે તો એમ કહી શકાય કે મહિલા અનામતનું સપનું ફરી એકવાર કાયદાકીય અને રાજકીય કાવાદાવામાં અટવાઈ ગયું છે.

## સમાન નાગરિક સંહિતા ધર્મ કે સમુદાય સાથે સાંકળવું ઉચિત નથી : સપ્રીમ

નવી દિલ્હી,તા.૧૭

દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ અંગે ચાલી રહેલી ગહન ચર્ચા વચ્ચે સુપ્રીમ કોર્ટે ફરી એકવાર અત્યંત મહત્વની સ્થિતિ સ્પષ્ટ કરી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે જણાવ્યું છે કે સમાન નાગરિક સંહિતા એ ભારતનું એક પાયાનું બંધારણીય લક્ષ્ય છે અને તેને કોઈ ચોક્કસ ધર્મ કે સમુદાય સાથે સાંકળવું ઉચિત નથી. મુસ્લિમ પર્સનલ લો બોર્ડ વિરુધ્ધ દાખલ થયેલી રિટ પિટિશનની સુનાવણી દરમિયાન આ અવલોકન કરવામાં આવ્યું હતું, જેમાં મુસ્લિમ



મહિલાઓના વારસાના અધિકારોમાં થતા ભેદભાવનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. કોર્ટે સ્પષ્ટપણે માન્યું છે કે યુસીસી એ કોઈ ધર્મ પર પ્રહાર નથી પરંતુ તમામ નાગરિકો માટે સમાનતા સુનિશ્ચિત કરવાની એક બંધારણીય પ્રક્રિયા છે. સુનાવણી દરમિયાન વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણ દ્વારા વ્યક્ત કરવામાં આવેલા ડર સામે કોર્ટે તર્કબ્ધ અભિગમ અપનાવ્યો હતો. જસ્ટિસ જોયમાલ્ય બાગચીએ ભારપૂર્વક જણાવ્યું કે સમાજમાં વૈજ્ઞાનિક, તર્કસંગત અને માનવતાવાદી દ્રષ્ટિકોણ વિકસાવવો એ આપણા મૂળભૂત કર્તવ્યોનો ભાગ છે. જ્યારે અરજીમાં એવો દાવો કરાયો હતો કે પ્રવર્તમાન પર્સનલ લો મહિલાઓ સાથે અન્યાય કરે છે, ત્યારે કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવીને આ મામલે જવાબ માંગ્યો છે. સુપ્રીમ કોર્ટના આ વલણથી એ સાબિત થાય છે કે દેશમાં લિંગ આધારિત ભેદભાવ નાબૂદ કરવા અને બંધારણીય ગરિમા જાળવવા માટે યુનિફોર્મ સિવિલ કોડ એક અનિવાર્ય માધ્યમ બની શકે તેમ છે, જે ધાર્મિક ઓળખથી ઉપર ઉઠીને માનવીય અધિકારોને પ્રાધાન્ય આપે છે.

## ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ ૧૧૧ ડોલર, ભારતમાં ચૂંટણી પછી ઈંધણનાં ભાવ વધવાની સંભાવના

નવી દિલ્હી,તા.૧૭

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના વધતા તણાવ અને યુધ્ધની સ્થિતિએ સમગ્ર વિશ્વમાં ક્રૂડ ઓઈલની ભયાનક કટોકટી ઊભી કરી છે. મધ્ય-પૂર્વના દેશોમાં ફાટી નીકળેલા આ સંઘર્ષને કારણે બ્રેન્ટ ક્રૂડના ભાવ પ્રતિ બેરલ ૭૧ ડોલરથી કૂદકો મારીને ૧૧૧ ડોલર સુધી પહોંચી ગયા છે. આ ભાવવધારાની સીધી અસર અનેક દેશોમાં જોવા મળી રહી છે, જ્યાં ફિલિપાઈન્સમાં ડીઝલના ભાવમાં ૧૭૨ ટકાનો તોતિંગ વધારો થયો છે અને મ્યાંમારમાં ઈંધણના ભાવ




બમણા થઈ ગયા છે. લાઓસ અને મલેશિયા જેવા દેશો પણ આ મોંઘવારીના ખપ્પરમાં હોમાયા છે, પરંતુ ભારત માટે ચિત્ર અત્યારે કંઈક અલગ દેખાઈ રહ્યું છે. ભારતમાં છેલ્લા લાંબા સમયથી પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રાખવામાં આવ્યા છે, જેની પાછળનું મુખ્ય કારણ પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણી હોવાનું મનાય છે. કેન્દ્ર સરકારે સામાન્ય જનતાને રાહત આપવા માટે એક્સાઈઝ સેસમાં ઘટાડો કર્યો છે અને નિકાસ પરના ટેક્સમાં વધારો કરીને સ્થાનિક બજારને સાચવવાનો પ્રયાસ કર્યો છે. મેક્ક્વેર ગ્રૂપના અહેવાલ મુજબ સરકારી ઓઈલ કંપનીઓ હાલમાં પેટ્રોલ પર પ્રતિ લીટર ૧૮ રૂપિયા અને ડીઝલ પર ૩૫ રૂપિયાનું મોટું નુકસાન વેઠી રહી છે. એપ્રિલના અંતમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મે મહિનામાં ઈંધણના ભાવમાં મોટો વધારો થવાની આશંકા સેવાઈ રહી છે. જો અમેરિકા અને ઈરાન વચ્ચેની શાંતિ મંત્રણા નિષ્ફળ જશે તો ક્રૂડ ઓઈલના ભાવ હજુ પણ વધી શકે છે, જે ભારત સરકાર માટે ભાવ નિયંત્રણમાં રાખવાનું કાર્ય અત્યંત મુશ્કેલ બનાવી દેશે.

**ભારત પોતાની જનતાને સસ્તું ઈંધણ પૂરું પાડવા માટે પ્રતિબધ્ધ**

## અમેરિકાની મનાઈ છતાં ભારત રશિયા પાસેથી તેલ ખરીદતુ રહેશે

નવી દિલ્હી,તા.૧૭

અમેરિકાએ રશિયા અને ઈરાન પાસેથી તેલ ખરીદવા મામલે ભારત સહિત એશિયાના દેશોને આપેલી ૩૦ દિવસની રાહત ખતમ કરી દેતા આંતરરાષ્ટ્રીય સ્તરે ખળભળાટ મચી ગયો છે. અમેરિકાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો કોઈ પણ દેશ આ નિર્ણય વિરુદ્ધ જઈને તેલની ખરીદી ચાલુ રાખશે, તો તેની સામે કડક આર્થિક પ્રતિબંધો લાદવામાં આવશે. જોકે,




આ ધમકીઓ વચ્ચે ભારત સરકારે અત્યંત નીડર અને સ્પષ્ટ વલણ અપનાવ્યું છે. ભારત સરકારના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત પોતાની ઊર્જા જરૂરિયાતોને પ્રાથમિકતા આપીને રશિયા પાસેથી ઓઈલ અને એલપીજીની ખરીદી અવિરત ચાલુ રાખશે. ભારતનું માનવું છે કે તેની ઊર્જા નીતિ એ સંપૂર્ણપણે દેશનો આંતરિક અને સાર્વભૌમ મામલો છે, જેમાં કોઈ ત્રીજા દેશનો હસ્તક્ષેપ સ્વીકાર્ય નથી.ભારતીય રિફાઈનરીઓ અને વહીવટી તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે ભલે અમેરિકાએ ટેકનિકલ છૂટછાટ લંબાવી નથી, પરંતુ ભારત એવી કંપનીઓ અને જહાજો મારફતે વેપાર ચાલુ રાખશે જે સીધી રીતે પ્રતિબંધોના દાયરામાં આવતા નથી. એક ઉચ્ચ અધિકારીએ ભારપૂર્વક જણાવ્યું કે છૂટ આપવી કે ન આપવી એ અમેરિકાનો અધિકાર હોઈ શકે છે, પરંતુ તેનાથી ભારતની વિદેશ નીતિ કે આર્થિક નિર્ણયો નક્કી થઈ શકે નહીં. ભારત પોતાની જનતાને સસ્તું ઈંધણ પૂરું પાડવા માટે પ્રતિબધ્ધ છે અને આ માટે બિન-પ્રતિબંધિત સ્ત્રોતોનો ઉપયોગ કરીને રશિયા સાથેનો વેપાર ચાલુ રાખવામાં આવશે.

## ઉત્તરપ્રદેશના સંભલમાં ગેરકાયદેસર બનેલા મીનારને તોડી પડાયો

સંભલ,તા.૧૭

ઉત્તર પ્રદેશના સંભલ જિલ્લાના મુબારકપુર બંધ ગામમાં શુક્રવારે વહીવટીતંત્ર દ્વારા ગેરકાયદેસર અતિક્રમણ વિરુધ્ધ મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. આશરે ૧૫ વર્ષ પહેલાં સરકારી જમીન પર બનેલી મસ્જિદના ૩૫ ફૂટ ઊંચા મિનારાને બે હાઈડ્રા મશીનોની મદદથી તોડી પાડવામાં આવ્યો હતો. અગાઉ ૫ એપ્રિલે પણ



ડિમોલિશનની કામગીરી હાથ ધરાઈ હતી, પરંતુ મિનારો પડવાના ડરથી તે બાકી રહી ગયો હતો. આજે સવારે ૯:૩૦ થી ૧:૩૦ વાગ્યાની વચ્ચે મસ્જિદની બહારની પાંચ દુકાનો અને બાકીના ભાગોને બુલડોઝર વડે તોડી નાખવામાં આવ્યા છે. જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષકની હાજરીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી જેથી કોઈ અપ્રિય ઘટના ન બને.







## હરિવંશ નારાયણસિંહ ત્રીજી વખત રાજ્યસભાના ઉપસભાપતિ બન્યા

નવી દિલ્હી,તા.૧૭

હરિવંશ નારાયણ સિંહ ત્રીજી વખત રાજ્યસભાના ઉપસભાપતિ બન્યા છે. તેમની શુક્રવારે સર્વસંમતિથી પસંદગી કરવામાં આવી છે. વિપક્ષ તરફથી કોઈ નામ આવ્યું ન હતું.પ્રથમ વખત કોઈ નોમિનેટેડ સભ્યને રાજ્યસભાના ઉપસભાપતિ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. હરિવંશના સમર્થનમાં રાજ્યસભા સચિવાલયને પાંચ પ્રસ્તાવો મળ્યા. સદનના નેતા જેપી નડ્ડાએ પ્રથમ પ્રસ્તાવ રજૂ કર્યો, જ્યારે બીજો પ્રસ્તાવ નિતિન નવીને



આપ્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે સતત ત્રીજી વખત ઉપસભાપતિ તરીકે ચૂંટાવવું એ વાતનો પુરાવો છે કે સદનને તમારા પર ઊંડો વિશ્વાસ છે. વીતેલા સમયમાં તમારા અનુભવનો સદનને લાભ મળ્યો છે. તમે સૌને સાથે લઈને ચાલવાનો પ્રયાસ કર્યો છે.

**હોસ્પિટલમાં કાયમી ઓપરેટરના અભાવે નાગરીકોને હાલાકી**

# લાઠીમાં આયુષ્માનકાર્ડ યોજના ગરીબો માટે માથાના દુઃખાવારૂપ

લાઠી,તા.૧૭

લાઠી શહેર અને તાલુકાના ગરીબ તેમજ મધ્યમ વર્ગના દર્દીઓ માટે આરોગ્યની દ્રષ્ટિએ આશીર્વાદ સમાન ગણાતી આયુષ્માન ભારત યોજના હાલ વહીવટી તંત્રની બેદરકારીના કારણે માથાના દુખાવા સમાન બની ગઈ છે. લાઠીના સામૂહિક આરોગ્ય કેન્દ્ર એટલે કે સીએચસી સેન્ટર ખાતે આયુષ્માન કાર્ડ કઢાવવા માટે આવતા સામાન્ય નાગરિકોએ કાયમી ઓપરેટરના અભાવે ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. તંત્રની આ નિષ્ક્રિયતાના કારણે સ્થાનિકોમાં વહીવટી તંત્ર વિરુધ્ધ ઉગ્ર રોષની લાગણી જોવા મળી રહી છે. છેલ્લા લાંબા સમયથી અરજદારો કાર્ડ કઢાવવા માટે ઓફિસોના પગથિયાં ઘસી રહ્યા છે પરંતુ તેમને માત્ર આશ્વાસનો અને બહાના સિવાય કશું જ પ્રાપ્ત થતું નથી. લાઠીના રહીશ પરેશભાઈએ મીડિયા સમક્ષ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે તેઓ છેલ્લા ચાર મહિનાથી આયુષ્માન કાર્ડ કઢાવવા માટે હોસ્પિટલના ધક્કા ખાઈ રહ્યા છે.



ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે આ કાર્ડ હોસ્પિટલના મોંઘા ખર્ચ સામે રક્ષણ આપે છે પરંતુ અહીં દર વખતે કાયમી ઓપરેટર હાજર હોતા નથી અથવા તો ટેકનિકલ ખામીનું બહાનું ધરીને લોકોને વળતા પાણીએ મોકલી દેવામાં આવે છે. આવી જ રીતે વિનોદભાઈ મેદપરાએ પણ મીડિયા સમક્ષ ઉગ્ર વિરોધ નોંધાવતા કહ્યું હતું કે સરકાર ડિજિટલ ઈન્ડિયા અને આરોગ્ય સુવિધાઓની મોટી વાતો કરે છે પરંતુ પાયાની સુવિધા આપવામાં અને યોગ્ય સ્ટાફની નિમણૂક કરવામાં સદંતર નિષ્ફળ રહી છે. આ ઉપરાંત વારંવાર સર્વર ડાઉન હોવાનું કહીને દૂર-દૂરના ગામડાઓમાંથી ભાડું ખર્ચીને આવતા ગ્રામીણ લોકોને પરત મોકલી દેવામાં આવે છે. ખાસ કરીને મજૂરી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતા શ્રમિકો જ્યારે પોતાનું રોજેરોજનું કામ છોડીને અહીં આવે છે ત્યારે તેમને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવે છે. લોકોની સ્પષ્ટ માંગ છે કે જો તાત્કાલિક ધોરણે અહીં કાયમી ઓપરેટરની નિમણૂક કરવામાં નહીં આવે અને ઓનલાઈન કામગીરી સુવ્યવસ્થિત નહીં કરાય તો આગામી સમયમાં સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે.

# મહેશ કસવાળાના પ્રયત્નથી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાહેઠળ રૂ.૩૩.૯૮ કરોડના કામો મંજૂર

સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલા વિધાનસભા વિસ્તાર માટે માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તકના માર્ગોને મજબૂત બનાવવા માટે કુલ રૂપિયા ૩૩.૯૮ કરોડના વિવિધ વિકાસકાર્યોને ૦૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ મહત્વકાંક્ષી પ્રોજેકટ અંતર્ગત લીલીયા અને સાવરકુંડલા તાલુકાના કુલ ૧૭ નોન-પ્લાન રસ્તાઓના રિસર્ફસિંગની કામગીરી હાથ ધરવામાં આવશે. જેમાં મુખ્યત્વે ઘનશ્યામનગર-રાયડી રોડ માટે ૩.૬૦ કરોડ, પીપરડી-રાણીગામ રોડ માટે ૩.૬૬ કરોડ અને ડેડકડી-ભોકરવા રોડ માટે ૩.૫૦ કરોડ જેવી મોટી રકમની



ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત પુતળીયા, હાથીગઢ, લીખાળા, થોરડી અને શેલણા જેવા અનેક ગ્રામ્ય વિસ્તારોને જોડતા માર્ગોનું નવિનીકરણ કરવામાં આવશે. સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ મુખ્યમંત્રીનો આભાર માનતા જણાવ્યું હતું કે સરકારના આ સકારાત્મક અભિગમથી ગ્રામ્ય જનતાની પરિવહન સુવિધામાં મોટો સુધારો થશે અને વિકાસની ગતિ તેજ બનશે.

# બગસરામાં આરટીઆઈ હેઠળ માહિતી ન આપતા ચાર તલાટીઓને દંડ ફટકારાયો

બગસરા,તા.૧૭

બગસરા તાલુકાના જૂની હળિયાદ ગામમાં ગ્રામ પંચાયતના વહીવટમાં વ્યાપક ગેરરીતિઓ અને ભ્રષ્ટાચાર થયો હોવાની આશંકા સાથે એડવોકેટ અજયભાઈ ઢોલરીયાએ માહિતી અધિકાર હેઠળ વિગતો માંગી હતી. જોકે સરપંચ અને અન્ય રાજકીય વગ ધરાવતા લોકોના દબાણને વશ થઈને તલાટીઓએ આ માહિતી આપવામાં ઠાગાઠૈયા કર્યા હતા. નવાઈની વાત એ છે કે તાલુકા વિકાસ અધિકારીએ સ્પષ્ટ આદેશ આપ્યો હોવા છતાં તલાટીઓએ માહિતી પૂરી પાડી ન હતી. આ આડોડાઈ સામે છેવટે માહિતી અધિકાર આયોગમાં અપીલ કરવામાં આવતા કમિશનરે તેને ગંભીર બેદરકારી ગણાવી ચાર તલાટીઓને આકરો દંડ ફટકાર્યો છે.આ આદેશ મુજબ પૂર્વ તલાટી ક્રિષ્નાબેન ભુવાને ૬,૫૦૦ રૂપિયા, મનીષભાઈ કનાડાને ૯,૨૫૦ રૂપિયા, વી.એમ. સાદરાણીને સૌથી વધુ ૧૫,૫૦૦ રૂપિયા અને જે.ડી. પટોડીયાને ૪,૫૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે. આ તમામ રકમ સરકારી તિજોરીમાંથી નહીં પરંતુ કર્મચારીઓએ પોતાના ખિસ્સામાંથી ભરવાની રહેશે, અન્યથા તેમના પગારમાંથી કપાત કરવામાં આવશે. આ કડક પગલાને કારણે સરકારી તંત્રમાં અને ખાસ કરીને બગસરા તાલુકાના કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# લીલીયા તાલુકાના ગોઢાવદરમાં ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ તાલીમ શિબિર યોજાઈ

ગોઢાવદર,તા.૧૭

લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે તાજેતરમાં એક દિવસીય ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ હતી. આ કાર્યક્રમમાં ખેડૂતોને જીવામૃત, ઘનજીવામૃત અને આચ્છાદન બનાવવાની પધ્ધતિઓ તેમજ અળસિયા ખાતર અને બાગાયત વિભાગની વિવિધ સબસિડી યોજનાઓની



તસવીર : ભરત વિંજુડા

વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કૃષિ તાલીમ શિબિરમાં ઉપસ્થિત મહાનુભાવો અને કૃષિ સખીઓએ ઝેરમુક્ત ખેતી અપનાવી સ્વાસ્થ્યપ્રદ ખોરાક પકવવા પર ભાર મૂક્યો હતો.

**ચાવંડ નજીક એસ.ટી.બસ-બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મોત થતા**

# જીતુભાઈ વાઘાણી અને કૌશિકભાઈ વેકરીયા કાર્યક્રમ રોકી અકસ્માત સ્થળે પહોંચ્યા

**મૃતક બોટાદ વિસ્તારનો હોવાની જાણ થતા મંત્રીઓએ પોલીસનો સંપર્ક કર્યો**

લાઠી,તા.૧૭

ચાવંડથી લાઠી જઈ રહેલા માર્ગ પર એસ.ટી. બસ અને બાઈક વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં બાઈક સવારનું ઘટનાસ્થળે જ અવસાન થયું છે. આ અકસ્માત સમયે અમરેલીથી ભાવનગર તરફ જઈ રહેલા કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી અને મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ તાત્કાલિક પોતાનો કાફલો રોકીને ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મૃતકનો મોબાઈલ ફોન બંધ હોવાથી શરૂઆતમાં તેમની ઓળખ કરવી અશક્ય



બની હતી પરંતુ મંત્રીઓએ જહેમત ઉઠાવી વાહન નંબર અને આધાર કાર્ડની તપાસ કરાવી હતી.

તપાસના અંતે મૃતક બોટાદ વિસ્તારના હોવાનું જાણવા મળતા મંત્રીઓએ તાત્કાલિક અમરેલી અને બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષકનો સંપર્ક કરીને પરિવારને જાણ કરવા સૂચના આપી હતી. મંત્રીઓએ માનવીય સંવેદનાનો ઉત્તમ દાખલો બેસાડતા સ્થાનિક તંત્રને મૃતકના પરિવારજનોને લાઠી લાવવા માટે તમામ વ્યવસ્થા કરવા અને પોસ્ટમોર્ટમની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થાય તે માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. રાજયમંત્રી કૌશિક વેકરીયા અને જીતુભાઈ વાઘાણીએ કરેલા માનવતાવાદી અભિગમની સરાહના થઈ રહી છે.

# સાવરકુંડલામાં રવિવારે ભગવાન પરશુરામ જયંતિની ઉજવણી કરાશે

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલાની પવિત્ર ધરા પર આગામી રવિવારે અક્ષય તૃતીયાના પાવન અવસરે ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર ભગવાન શ્રી પરશુરામ દાદાનો પ્રાગટ્ય મહોત્સવ દિવ્યતાથી ઉજવાશે. સમસ્ત બ્રહ્મ સમાજ પ્રેરિત પરશુરામ સેના દ્વારા આયોજિત આ કાર્યક્રમની શરૂઆત



બપોરે ૪:૦૦ કલાકે શાસ્ત્રોક્ત પૂજન-અર્ચનથી કરવામાં આવશે. ત્યારબાદ સાંજે ૫:૦૦ કલાકે શહેરના મુખ્ય રાજમાર્ગો પર શિસ્તબધ્ધ રીતે ભવ્ય શોભાયાત્રા નીકળશે. જેમાં સમગ્ર નગર 'જય પરશુરામ'ના નાદથી ગુંજી ઉઠશે. આ મહોત્સવ અંતર્ગત બ્રહ્મપુરી ખાતે મહાઆરતી અને સમૂહ પ્રસાદનું સુંદર આયોજન કરાયું છે. પરશુરામ સેનાના સ્વયંસેવકો રાત-દિવસ મહેનત કરી આ ઉત્સવને સફળ બનાવવા પ્રયત્નશીલ છે. સાવરકુંડલાના તમામ ભૂદેવોને આ ધાર્મિક યજ્ઞમાં સહપરિવાર જોડાઈને બ્રહ્મ એકતાના સાક્ષી બનવા અને દાદાના આશીર્વાદ લેવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રાજુલામાં ATMમાં અટવાયેલા નાણા પરત કરી યુવકે ઈમાનદારી દાખવી

રાજુલા,તા.૧૭

રાજુલામાં રહેતા જયેશભાઈ સાલુંકેને જ્યારે પાંચ હજાર રૂપિયા ઉપાડવા માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના એટીએમ પર ગયા હતા. કમનસીબે ટેકનિકલ ખામીને કારણે નાણા ન નિકળતા જયેશભાઈ નિરાશ થઈને બાજુના અન્ય એટીએમમાંથી રકમ ઉપાડી ઘરે પરત ફર્યા હતા. જયેશભાઈના ગયા બાદ તરત જ સમયસિંહ નામના અન્ય એક ગ્રાહક તે જ એટીએમ પર આવ્યા હતા. જેવું તેમણે પોતાનું ટ્રાન્ઝેક્શન શરૂ કર્યું કે તરત જ અગાઉ અટવાયેલા જયેશભાઈના પાંચ હજાર રૂપિયા મશીનમાંથી બહાર આવ્યા હતા. સમયસિંહે લાલચ રાખ્યા વગર તાત્કાલિક બેંક કર્મચારી પ્રદીપભાઈ ચાવડાને આ રકમ સોંપી દીધી હતી. પ્રદીપભાઈએ પણ નિષ્ઠાપૂર્વક સીસીટીવી ફૂટેજ અને બેંકિંગ સિસ્ટમની મદદથી મૂળ માલિકની



શોધખોળ આદરી હતી. અંતે જયેશભાઈની ઓળખ થતા તેમને બેંકમાં રૂબરૂ બોલાવીને તેમના નાણાં પરત સોંપવામાં આવ્યા હતા.










**પૈસાની લેતીદેતીમાં ૬ શખ્સોએ યુવકને જીવલેણ માર માર્યો હતો**

# સનાળીયા ગામે થયેલા હુમલામાં સારવાર દરમિયાન યુવકનું મોત

લીલીયા , તા.૧૭

લીલીયા તાલુકાના સનાળિયા ગામે બાઈકના હપ્તા ભરવા જેવી સામાન્ય બાબતે શરૂ થયેલો વિવાદ હવે એક ગંભીર હત્યાકાંડમાં ફેરવાઈ ગયો છે. આ કિસ્સામાં ગંભીર રીતે ઘવાયેલા મહેન્દ્રભાઈ ઢીમેચાનું સારવાર દરમિયાન મોત નીપજતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને લીલિયા પોલીસે ત્વરિત તપાસ હાથ ધરી મુખ્ય છ આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી તેજ બનાવી છે.આ હિંસક ઘટના પાછળનું મુખ્ય કારણ આર્થિક લેણદેણ હોવાનું સામે આવ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ,


આરોપી

મૃતક મહેન્દ્રભાઈએ આરોપી અજયભાઈ મકવાણા પાસેથી ફાઈનાન્સ સુવિધા હેઠળ એક મોટરસાયકલ ખરીદ્યું હતું. છેલ્લા કેટલાક સમયથી બાઈકના હપ્તાની ચુકવણી


મૃતક

બાબતે બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને મનદુઃખ ચાલતું હતું. આ જ અદાવત રાખીને આરોપીઓએ પૂર્વઆયોજિત કાવતરું રચી મહેન્દ્રભાઈ અને યુવરાજભાઈ પર હુમલો કર્યો હતો. હુમલાખોરોએ કુહાડી જેવા ઘાતક હથિયારોનો ઉપયોગ કર્યો હતો, જેમાં મહેન્દ્રભાઈના માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહી લુહાણ હાલતમાં તેમને પ્રથમ સ્થાનિક અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો સનાળિયા ગામે દોડી ગયો હતો. પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધીને અત્યાર સુધીમાં ૬ શખ્સોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. તપાસના ભાગરૂપે પોલીસે આરોપીઓને સાથે રાખીને ઘટનાસ્થળનું રિકન્સ્ટ્રક્શન પંચનામું પણ પૂર્ણ કર્યું છે.

આર્થિક બાબતમાં એક માનવ જિંદગી હોમાઈ જતાં ગામમાં શોક અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે.


**પોલીસે તમામ આરોપી સામે હત્યાનો ગૂનો નોંધી તપાસ શરૂ કરી**

# અમરેલી સીટી પોલીસે પોક્સો એક્ટના આરોપીને નાગપુરથી દબોચ્યો

**આરોપી ભોગ બનનાર કિશોરી સાથે નાગપુર રહેતો હતો**

અમરેલી,તા.૧૭

અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણ અને પોક્સો એક્ટ હેઠળના ગુનામાં સંડોવાયેલ આરોપી ગિજેશ કુમાર ઉર્ફે હિમાંશુ ઉમેશભાઈ યાદવ (ઉ.વ. ૨૫) પોતાની ધરપકડ ટાળવા નાસતો-ફરતો હતો. પોલીસની ટીમે ટેકનિકલ સોર્સ અને બાતમીના આધારે તપાસ હાથ ધરી હતી.પોલીસ ટીમે ગણતરીના દિવસોમાં ઓપરેશન પાર



પાડી આરોપીને મહારાષ્ટ્રના નાગપુર ખાતેથી ભોગ બનનાર કિશોરી સાથે ઝડપી પાડ્યો છે. મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ અમરેલી રહેતા આ આરોપી વિરૂધ્ધ પોક્સો એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ કામગીરીમાં પીએસઆઈ આર.ડી. કુવાડીયા અને અન્ય સ્ટાફ જોડાયેલ હતો.

# ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીને અમરેલી પેરોલ ફ્લો સ્ક્વોડે ઝડપી પાડ્યો

અમરેલી,તા.૧૭

અમરેલી પેરોલ ફ્લો સ્ક્વોડે એક મહત્વની સફળતા મેળવી છે. રાજ્યમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે ચલાવવામાં આવી રહેલી ૧૫ દિવસની ખાસ ડ્રાઈવ અંતર્ગત, બાબરા પોલીસ સ્ટેશનના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી ફરાર આરોપી રમેશભાઈ મુળાભાઈ સોંદરવા (રહે. પાનસડા)ને ઝડપી લેવામાં આવ્યો છે.

આરોપી પોતાની પત્નીને શારીરિક-માનસિક ત્રાસ આપી, ગાળો બોલી અને માર મારી નાસતો



ફરતો હતો, જેની સામે કોર્ટે વોરંટ પણ ઈશ્યુ કર્યું હતું. પેરોલ ફ્લો સ્ક્વોડના પી. એસ.આઈ. એન.જી. સાપરા અને તેમની ટીમે ટેકનિકલ સોર્સની મદદથી આરોપીને અમદાવાદના વાસણા ટોલનાકા પાસેથી ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ આરોપીને બાબરા પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

# અમરેલી પોલીસે અરજદારનો ગુમ થયેલ મોબાઈલ મેળવી પરત આપ્યો

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લામાં ગુમ થયેલ મિલકત શોધી મૂળ માલિકને પરત કરવા માટે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અમલી છે. આ અંતર્ગત અમરેલીના રહેવાસી રાજેશભાઈ નટવરલાલ નાંઢાનો રૂ. ૧૩,૦૦૦/- ની કિંમતનો Redmi ૧૧ Prime મોબાઈલ જેલ રોડ વિસ્તારમાંથી ગુમ થયો હતો. અરજદારની ફરિયાદના આધારે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.એમ.ઝાલા અને




સર્વેલન્સ ટીમે હ્યુમન સોર્સની મદદથી ટૂંકા ગાળામાં મોબાઈલ શોધી કાઢ્યો હતો. પોલીસે આ ફોન મૂળ માલિકને પરત કરી પ્રામાણિકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# લીલીયાની સરકારી કોલેજ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

લીલીયા ,તા.૧૭

સરકારી અને વાણિજ્ય કોલેજ લીલીયામાં કોલેજના મતદાર સાક્ષરતા ક્લબ દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના વિદ્યાર્થીઓમાં લોકશાહીના પાયા સમાન મતદાન વિશે જાગૃતિ આવે તેવા ઉમદા હેતુથી આ કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ.



રાઠોડના કુશળ નેતૃત્વ અને ડો. મહેશ એસ. ગઢીયાના સંકલન હેઠળ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ડો. ગઢીયાએ વિદ્યાર્થીઓને મતદાનની પ્રક્રિયા અંગે પાયાની માહિતી પૂરી પાડી હતી. ત્યારબાદ આચાર્યશ્રીએ મતદાનના ઐતિહાસિક મહત્વ અને તેને રાષ્ટ્રીય ફરજ તરીકે સ્વીકારવા અંગે ઊંડાણપૂર્વકનું પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો. સબીર

**વિદ્યાર્થીઓને મતદાનની પ્રક્રિયા અંગે પાયાની માહિતી પૂરી પાડી**

પરમાર, ડો. પ્રકાશ પરમાર, ડો. ભરત ખેની સહિતના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી.




# અમરેલીમાં ૬૩૬ બોટલ વિદેશી દારૂ સાથે ત્રણ ઝડપાયા

અમરેલી,તા.૧૭

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર સી.પી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. ટીમ ગત રાત્રિએ અમરેલી સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે એક સફેદ રંગની ક્રેટા કારમાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ભરીને લાઠી તરફથી અમરેલી તરફ લાવવામાં આવી રહ્યો છે. આ દારૂ ભરેલી કારની આગળ એક ગ્રે રંગની સ્વિફ્ટ કાર પાયલોટિંગ કરી રહી હતી. આ સચોટ માહિતીના આધારે પોલીસે વોચ ગોઠવીને સફળતાપૂર્વક દરોડો પાડ્યો હતો.પોલીસે આ કામગીરી દરમિયાન ત્રણ



આરોપીઓની ધરપકડ કરી છે, જેમાં હરિયાણાના ભિવાનીનો વતની મનોજ મહેતા અને રાજસ્થાનના વતની રામસિંહ સિસોદિયા તથા શંભુસિંહ સિસોદિયાનો સમાવેશ થાય છે. આ દરોડા દરમિયાન કુલ ૬૩૬ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ. ૬,૦૪,૮૦૦ થાય છે. આ ઉપરાંત પોલીસે રૂ. ૧,૦૫,૦૦૦ની કિંમતના ૬ નંગ મોબાઈલ ફોન, રૂ. ૭ લાખની ક્રેટા કાર અને રૂ. ૩ લાખની સ્વિફ્ટ કાર સહિત કુલ રૂ. ૧૭,૦૯,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કેસમાં હજુ પણ ચાર આરોપીઓ પકડવાના બાકી છે, જેમાં હરિયાણાના સોનીપતનો સુરેન્દ્ર ઉર્ફે જયપાલ જોગી, યુવરાજભાઈ, કાના (જે રેઈડ દરમિયાન નાસી છૂટ્યો હતો) અને ઉદયપુરનો લાલાભાઈ પ્રજાપતિ સામેલ છે. પોલીસે પકડાયેલા અને

**પોલીસે ૬૩૬ નંગ વિદેશી દારૂની બોટલ સાથે ત્રણ આરોપી ઝડપી પાડ્યા**

ફરાર આરોપીઓ વિરુધ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઝડપાયેલા આરોપીઓ અને મુદ્દામાલને આગળની તપાસ માટે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યા છે.

-:: CHANGE NAME ::-
undersigned MAGANBHAI RAVJIBHAI MAKAVANA have changed my name from MAGANBHAI RAVJIBHAI MAKVANA to MAGANBHAI RAVJIBHAI MAKAVANA now I will be known as MAGANBHAI RAVJIBHAI MAKAVANA
Signed : MAGANBHAI RAVJIBHAI MAKAVANA
Address : AT.Nana Rajkot,
Ta. Lathi, Dist. Amreli




સંકુલ ધો. ૧૦ A1 - ગ્રેડ ને 50% A2 - ગ્રેડ ને 25%
ધો. ૧૧-૧૨ આ.કો.સા. સ્કૂલ ફી - શરતી માફ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad012

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૬૯/૨૦૨૬

અરજદાર :- શ્રી વિઠલભાઈ ઘુસાભાઈ પાદરીયા
રહે.હરીપુરા, તા.જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.મોટામાચીયાળા, તા.જિ. અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટામાચીયાળા ગામમાં અરજદારશ્રી વિઠલભાઈ ઘુસાભાઈ પાદરીયા તેઓના પુત્ર દિનેશભાઈ વિઠલભાઈ પાદરીયાની જન્મ (તા.૧૫/૧૨/૧૯૮૩) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય



## બ્રહ્મ સ્વરોત્સવ અને ભક્તિમય કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રચેતનાનો શંખનાદ, આવતીકાલે ભવ્ય શોભાયાત્રાનું આયોજન

# અમરેલીમાં ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાશે

અમરેલી,તા.૧૭

અમરેલી નગરમાં ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર, પરમ પરાક્રમી અને તેજસ્વી એવા ભગવાન શ્રી પરશુરામજીના પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે 'બ્રહ્મ સ્વરોત્સવ' ભવ્ય શોભાયાત્રા અને મહાઆરતીનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. માનવ હિત માટે સતત સંઘર્ષરત અને શક્તિપુંજ સમાન ભગવાન પરશુરામજીનો જન્મોત્સવ આગામી તારીખ ૧૯ એપ્રિલ ૨૦૨૬, રવિવારના રોજ અક્ષય તૃતીયાના પવિત્ર દિવસે દિવ્ય રીતે ઉજવવાનો શિવ સંકલ્પ લેવાયો છે. આ ઉત્સવના પ્રારંભ રૂપે પૂર્વ સંધ્યાએ એટલે કે ૧૮ એપ્રિલના રોજ રાત્રે આઠ કલાકે શ્રી પરશુરામ ધામ, અમરેલી ખાતે 'બ્રહ્મ સ્વરોત્સવ' યોજાશે. જેમાં જાણીતા લોકગાયક શ્રી વિમલ મહેતા અને યુવા ગાયક શ્રી પ્રયાગ મહેતા દ્વારા ભગવાન શિવજીની આરાધના કરવામાં આવશે.શાસ્ત્ર અને શસ્ત્રના સમન્વય દ્વારા સમાજને ધર્મ, શિક્ષણ અને સંસ્કાર આપી રાષ્ટ્રને સાચી દિશા બતાવનારો આપણો હિંદુ સમાજ જાગૃત બને




અને ભારત પુનઃ વિશ્વગુરુના સ્થાને બિરાજમાન થાય તેવા શુભ હેતુથી એક અલૌકિક શોભાયાત્રાનું આયોજન કરાયું છે. આ શોભાયાત્રા તારીખ ૧૯ એપ્રિલના રોજ સાંજે પાંચ કલાકે અમરેલીના ગ્રામદેવતા શ્રી નાગનાથ મહાદેવ મંદિરથી પ્રારંભ થઈ શ્રી પરશુરામ મંદિર ખાતે સંપન્ન થશે. આ યાત્રામાં ભગવાન પરશુરામજીના વંશજ એવા ભૂદેવો સહિત અમરેલીની સમસ્ત સનાતની જનતા જોડાશે. શોભાયાત્રાના અંતે શ્રધ્ધાની અભિવ્યક્તિ રૂપે ભવ્યાતિભવ્ય મહાઆરતી યોજાશે.આ ત્રિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે અમરેલી નગરના તમામ વેપારી મંડળો, રાજકીય અને સામાજિક આગેવાનો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ મહોત્સવને સફળ બનાવવા માટે ટીમ પરશુરામ ધામ, જિલ્લા અને શહેર બ્રહ્મ સમાજ તેમજ યુવા અને મહિલા બ્રહ્મ સમાજની પાંખો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. ભગવાન પરશુરામ પ્રત્યેની અપાત્ર આસ્થા વ્યક્ત કરવા માટે આ પ્રાગટ્ય ઉત્સવ અમરેલીના આંગણે એક યાદગાર પ્રસંગ બની રહેશે.

# બાબરામાં IPL મેચ પર સટ્ટો રમતા બે શખ્સો ઝડપાયા: રૂ. ૨૮,૫૦૦નો મુદ્દામાલ જપ્ત

બાબરા, તા. ૧૭

બાબરા શહેરમાં આઈ.પી.એલ. ક્રિકેટ મેચ પર જુગાર રમતા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. પંજાબ કિંગ્સ ઈલેવન અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રમાઈ રહેલી ટી-ટ્વેન્ટી મેચ દરમિયાન ઓનલાઈન સટ્ટો રમી રહેલા શખ્સો પર પોલીસે દરોડો પાડ્યો હતો.સંદિપભાઈ અરવિંદભાઈ બગથળીયા, અલ્પેશભાઈ જનકભાઈ વાળા, હરેશભાઈ પીલુકીયા, ધમભાઈ બસીયા તથા વિવેકભાઈ પ્રવિણભાઈ પોપટ પોતાના આર્થિક ફાયદા માટે મેચની હાર-જીત પર સટ્ટો રમી રહ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન પોલીસે સ્થળ પરથી બે આરોપીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

પોલીસે તેમની પાસેથી રોકડ રૂ. ૧૦,૫૦૦, બે નંગ મોબાઈલ ફોન તથા સટ્ટાના વ્યવહારોવાળી ચિઠ્ઠીના સ્ક્રીનશોટ મળી કુલ રૂ. ૨૮,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે પકડાયેલા શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને ફરાર આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.જી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં નવનિર્મિત ગોવર્ધનનાથજી હવેલીનો ભવ્ય પાટોત્સવ યોજાશે

બગસરા,તા.૧૭

બગસરાના ગાયત્રીનગર વિસ્તારમાં નવનિર્માણ પામેલ ચંપારણ્યધામ શ્રી ગોવર્ધનનાથજી હવેલી ખાતે આગામી ૨૪ અને ૨૫ એપ્રિલના રોજ ભવ્ય પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી વલ્લભકુલ પરિવાર અમરેલીના નિત્યલીલા ૧૦૮ શ્રી પુરુષોત્તમલાલજી મહારાજશ્રી તથા ૧૦૮ શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રીના આશીર્વાદથી નિર્મિત આ નૂતન નંદાલયના મુખ્ય મનોરથી સ્વ. સાવતીબેન શાંતિલાલ કેસરિયા મેમોરિયલ ટ્રસ્ટ હસ્તે કાળુભાઈ કેસરિયા પરિવાર છે. આ મહોત્સવ દરમિયાન વાસ્તુપૂજન,




ભવ્ય શોભાયાત્રા, પલના નંદ મહોત્સવ, બંગલા મનોરથ અને છપ્પન ભોગ જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. આ પ્રસંગે અમરેલીથી દ્વારકેશલાલજી મહારાજ, પુરુષોત્તમલાલજી મહારાજ તેમજ બિલખાથી લલિતકુમારજી, મનુકુમારજી અને અનુગ્રહકુમારજી મહારાજશ્રી ઉપસ્થિત રહી વૈષ્ણવોને આશીર્વચન પાઠવશે.

# અમરેલીના ચક્કરગઢ ગામમાં તસ્કરોનો તરખાટ: ખેતરના બોરમાંથી રૂ. ૧૨,૦૦૦ના કેબલ વાયરની ચોરી

અમરેલી, તા. ૧૭

અમરેલીના ચક્કરગઢ ગામની સીમમાં કેબલ ચોરીની ઘટના સામે આવી છે. ગામના વાડી વિસ્તારમાં આવેલા ખેતરના બોરમાંથી અજાણ્યા તસ્કરો કિંમતી કેબલ વાયર કાપીને ફરાર થઈ ગયા હતા. કૌશિકભાઈ રવજીભાઈ પટેલે અજાણ્યા તસ્કર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની અને સાહેદની વાડીમાં આવેલા બોરની મોટર સાથે જોડાયેલો આશરે ૧૫૦ ફૂટ લાંબો કેબલ વાયર ચોરી થયો છે.ચોરી થયેલા આ કેબલ વાયરની અંદાજિત કિંમત રૂ. ૧૨,૦૦૦ જણાવવામાં આવી છે. સવારે જ્યારે ખેડૂત વાડીએ પહોંચ્યા ત્યારે બોરનો વાયર કપાયેલી હાલતમાં જોવા મળતા આ ઘટના પ્રકાશમાં આવી હતી. ખેતરોમાં થતી આવી વારંવારની ચોરીઓને કારણે સ્થાનિક ખેડૂતોમાં ચિંતા અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. લોકોએ રાત્રી પેટ્રોલીંગ વધારવા માંગ કરી છે.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. ગોંડલીયા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલી એરપોર્ટથી અમદાવાદ હનુમંત આર્મી કેમ્પ જવાનું કહી

# આર્મી ઓફિસર બનીને ગરમલી (ચરખા)ના ટ્રાવેલ્સ સંચાલક સાથે છેતરપિંડી

ચલાલા, તા. ૧૭

ચલાલા પંથકમાં ડિજિટલ ફ્રોડની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં ઠગબાજોએ આર્મી ઓફિસરની ખોટી ઓળખ આપી 'બાપા સીતારામ ટુર એન્ડ ટ્રાવેલ્સ'ના સંચાલકને વિશ્વાસમાં લઈ તેમના બેંક ખાતામાંથી હજારો રૂપિયા પડાવી લીધા હતા. ગરમલી (ચરખા) ગામે ભીમનાથ લોજ સામે ટ્રાવેલ્સનો વ્યવસાય કરતા રવિરાજભાઈ ચંપુભાઈ જેબલીયાએ આ મામલે આનંદકુમાર તથા કેપ્ટન પ્રવીણકુમાર નામના ઈસમો સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ગત તારીખ ૦૨/૦૩/૨૦૨૬ના રોજ ફરિયાદીને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ અમરેલી એરપોર્ટ પર ફરજ બજાવતા આર્મી ઓફિસર આનંદકુમાર તરીકે આપી હતી. તેણે અમરેલી એરપોર્ટથી અમદાવાદ હનુમંત આર્મી કેમ્પ સુધી જવા માટે લકઝરી બસ ભાડે રાખવાની વાત કરી રૂ. ૪૦,૦૦૦ ભાડું નક્કી કર્યું હતું.

બીજા દિવસે વિશ્વાસ કેળવવા માટે ઠગબાજે તેના 'વરિષ્ઠ અધિકારી' તરીકે કેપ્ટન પ્રવીણકુમાર સાથે વાત કરાવી હતી.આરોપીઓએ એડવાન્સ પેમેન્ટ કરવાના બહાને વેપારી પાસે QR કોડ સ્કેનર માંગ્યું હતું. શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ વેપારીના ખાતામાં રૂ. ૨ જમા કરાવ્યા હતા. ત્યારબાદ ઠગબાજોએ વોટ્સએપ પર અલગ-અલગ રકમના સ્કેનર મોકલ્યા હતા. વેપારીને એમ હતું કે આ સ્કેન કરવાથી પૈસા જમા થશે, પરંતુ જેવા તેમણે QR કોડ સ્કેન કર્યા કે તરત જ તેમના SBI ખાતામાંથી કુલ રૂ. ૩૪,૪૯૯.૯૭ કપાઈ ગયા હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા વેપારીએ તુરંત પોલીસનો સંપર્ક કર્યો હતો. હાલ આ મામલે ચલાલા પોલીસ સ્ટેશનના પી. આઈ. આર.એચ. રતન વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: એકમ
તા.૧૮-૦૪-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૫:૫૩,
સૂર્યાસ્ત-૦૬:૪૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અશ્વિની

## દૈનિક રાશિફળ

તા.૧૮-૦૪-૨૦૨૬ શનિવાર

મેષ: આજે સંપત્તિનો વિસ્તાર થશે.નોકરી અને ધંધામાં સહયોગીઓની ભાગીદારી અને સહયોગ પૂરતા પ્રમાણમાં મળશે.

વૃષભ: આજે દિવસના પહેલા ભાગમાં તમારી મહેનત મુજબ ફળ નહીં મળવાના કારણે તમને માનસિક પીડા થઈ શકે છે.

મિથુન: આજ મહત્વપૂર્ણ કાર્યોમાં બેદરકારી બતાવશો અથવા શક્તિનો અભાવ પણ કાર્ય ખોટમાં પરિણમી શકે છે.

કર્ક: આજે તમે કાર્યોની વિપુલતાને કારણે મૂંઝવણમાં આવી શકો છો. મહેનતનું યોગ્ય પરિણામ તમને મળશે નહીં .

સિંહ: દિવસના પહેલા ભાગમાં સ્થિતિઓ પ્રતિકૂળ રહેશે. નિર્ધારિત કાર્યમાં વિલંબના કારણે દોડવું પડી શકે છે.

કન્યા:આજે રોજગાર ક્ષેત્રે થઈ રહેલા પ્રયત્નોને કારણે આર્થિક સમસ્યાઓ હલ થશે. જાહેર ક્ષેત્ર તરફથી કોઈ સારા સમાચાર મળવાની સંભાવના છે.

તુલા:દિવસ વ્યસ્ત રહેવાના કારણે ઇચ્છા અધૂરી રહી શકે છે. બપોર પછી જોખમી કાર્યો ટાળવાનો પ્રયાસ કરો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

વૃશ્ચિક:ક્ષેત્રમાં અતિરિક્ત જવાબદારી અને ધાર્મિક કાર્યમાં વ્યસ્તતા વધશે. સંપત્તિમાં વધારો અને સંપત્તિથી આવક વધશે.

ધન:આજે દિવસનો પહેલો ભાગ તમારી આશાઓની વિરુદ્ધ રહેશે. આવક કરતા વધારે ખર્ચ કરીને પૈસાના અભાવનો અનુભવ થશે.

મકર:આળસને કારણે સરકારી કાર્યો અધૂરા રહી શકે છે. બૌદ્ધિક કાર્ય અને લેખન વગેરેથી પણ આવક થશે પરંતુ ગુસ્સો ટાળો.

કુંભ:આજના દિવસે મેદાનમાં વ્યસ્તતા વધુ રહેશે. ઘરમાં માંગલિક કાર્યોનું આયોજન કરવાથી મનમાં આનંદ અને વ્યસ્તતા રહેશે.

મીન:આજે તમે બેપરવાઈ રહેવાના કારણે નુકસાન સહન કરી શકો છો. સવારથી જ મુસાફરીની પર્યટનનું આયોજન કરવામાં આવશે.

# બાળકોની કસ્ટડી ન મળતા પતિએ પત્ની અને સસરા પર કર્યો હિંસક હુમલો

બગસરા, તા. ૧૭

બગસરામાં બાળકોની કસ્ટડીના વિવાદમાં એક શખ્સે પોતાની પત્ની અને સસરા પર લોખંડના પાઈપ વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડ્યાની ઘટના સામે આવી છે. કોર્ટે બાળકોની કસ્ટડી સોંપવાનો ઈનકાર કરતા પતિએ આ ખાર રાખીને હુમલો કર્યો હતો. આ અંગે ધારીના ડાભાળી જીરા ગામે રહેતા નીલાબેન ઉર્ફે નિલેશ્વરીબેન લગધીરભાઈ બસીયાએ સાવરકુંડલામાં રહેતા પતિ લગધીરભાઈ રામકુભાઈ બસીયા તથા વનરાજભાઈ રામકુભાઈ બસીયા સામે ફરિયાદ નોંધાવી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદી મહિલાને તેના પતિએ આજથી આશરે ચાર વર્ષ પહેલાં ઘરેથી કાઢી મૂકી હતી.

ત્યારથી બાળકો માતા પાસે જ રહેતા હતા. આ દરમિયાન પતિએ બાળકોનો કબજો મેળવવા માટે બગસરા ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી; જોકે, કોર્ટે બાળકોની કસ્ટડી પિતાને સોંપવાનો હુકમ કર્યો નહોતો. કોર્ટના આ નિર્ણયનો ખાર રાખીને આરોપીએ હુમલાનું કાવતરું ઘડ્યું હતું.જ્યારે મહિલા અને તેના પિતા જઈ રહ્યા હતા, ત્યારે આરોપીઓ પોતાની કાર લઈને પાછળ આવ્યા હતા અને રસ્તામાં તેમને રોકીને બેફામ ગાળો આપી હતી.

આરોપી પતિએ લોખંડના પાઈપ વડે પત્નીના પગના ભાગે સખત માર માર્યો હતો, જ્યારે અન્ય આરોપીએ મહિલાના પિતાને ઢીકાપાટુનો મૂઢ માર મારી ઈજા પહોંચાડી હતી. હુમલો કર્યા બાદ આરોપીઓએ પિતા-પુત્રીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પારિવારિક ઝઘડાએ હિંસક સ્વરૂપ લેતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે. બગસરા પોલીસ સ્ટેશનના ASI પી.ડી. કલસરીયા ઘટનાની વધુ તપાસ કરી રહ્યા છે.

## જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ

# રાજુલાના મોટી ખેરાળી ગામેથી યુવતી લાપતા થઈ

રાજુલા, તા. ૧૭

રાજુલાના મોટી ખેરાળી ગામેથી એક યુવતી ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગઈ હોવાની ઘટના સામે આવી છે. ભાણીબેન બહાદુરભાઈ મકવાણા (ઉ.વ.૪૦) એ પોલીસને (અથવા જાહેરમાં) જણાવ્યા મુજબ, રૂપલબેન બહાદુરભાઈ મકવાણા (ઉ.વ.૨૦) પોતાના ઘરેથી કોઈને પણ જાણ કર્યા વગર ક્યાંક ચાલી નીકળી હતી.

# પીપરડી ગામ નજીક પુલ ઉપર બોલેરોમાંથી દારૂની ૨૦૧૬ બોટલ ઝડપાઈ

અમરેલી, તા. ૧૭

જિલ્લામાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા દારૂનો મોટો જથ્થો ઝડપાયો છે. પીપરડી ગામ નજીક પુલ ઉપર બોલેરોમાંથી દારૂની ૨૦૧૬ બોટલ પકડાઈ હતી. લલિત ઉર્ફે લાલો પુરુષોત્તમભાઈ જમોડ (ઉ.વ. ૩૨) ગુજરાત બહારથી ગેરકાયદેસર ભારતીય બનાવટનો વિદેશી દારૂ આયાત કરી અમરેલી જિલ્લામાં વેચાણ કરવાના ઈરાદે બોલેરોમાં ભરીને લઈ જતો હતો ત્યારે ઝડપાયો હતો.બોલેરોમાંથી ભારતીય બનાવટની અલગ-અલગ બ્રાન્ડના વિદેશી દારૂની, પ્લાસ્ટિકની એકસરખું પ્રવાહી ભરેલી ૧૮૦ એમ.એલ.ની રીંગપેક કુલ ૨૦૧૬ બોટલ મળી આવી હતી. પોલીસે મોબાઈલ ફોન નંગ-૧, બોલેરો ગાડી અને દારૂની બોટલો મળી કુલ રૂ. ૮,૦૪,૧૭૬નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત, જિલ્લામાં અન્ય ૧૩ લોકો પાસેથી દેશી દારૂ પકડાયો હતો, જ્યારે ૧૩ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવતા તેમની અટકાયત કરવામાં આવી હતી.

# રાજુલાના વાવેરા-બર્બટાણા રોડ પર સર્જાયેલા અકસ્માતમાં યુવકનું મોત

રાજુલા, તા. ૧૭

રાજુલા પંથકમાં રખડતા વન્ય જીવોના કારણે અકસ્માતની ઘટનાઓ વધી રહી છે, ત્યારે વધુ એક કરુણ અકસ્માત સર્જાયો છે. રાજુલાના વાવેરા-બર્બટાણા રોડ પર રેલ્વે સ્ટેશનની સામે મોટરસાઈકલ આડે અધચાનક રોઝડુ (નીલગાય) ઉતરી આવતા ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેમાં એક યુવકે જીવ ગુમાવ્યો હતો.આ અંગે મૂળ જાફરાબાદના શિયાળબેટ ગામના અને હાલ સાવરકુંડલાના વણોટ ગામે રહેતા પાંચીબેન જગુભાઈ શિયાળ (ઉ.વ. ૬૨)એ આપેલી વિગત મુજબ, રવજીભાઈ જગુભાઈ શિયાળ (ઉ.વ. ૨૦) વાવેરા-બર્બટાણા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક રોઝડુ આડું ઉતર્યું હતું. વાહન પૂરઝડપે હોવાથી ચાલકે કાબૂ ગુમાવ્યો હતો અને મોટરસાઈકલ જોરદાર રીતે સ્લીપ થઈ ગઈ હતી. આ અકસ્માતમાં બાઈક સવારને માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વિજુભાઈ કુંભાભાઈ ગોહિલ આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# વૈશ્વિક રાજનીતિમાં ભારતની ભૂમિકા

આજના સમયમાં આંતરરાષ્ટ્રીય રાજકારણ ઝડપથી બદલાઈ રહ્યું છે અને તેમાં ભારતની ભૂમિકા સતત મજબૂત બની રહી છે. એક સમય એવો હતો જ્યારે ભારતને માત્ર વિકાસશીલ દેશ તરીકે જોવામાં આવતું હતું, પરંતુ આજે ભારત વૈશ્વિક મંચ પર એક મહત્વપૂર્ણ શક્તિ તરીકે ઉભરી રહ્યું છે. આર્થિક વિકાસ, સશક્ત વિદેશ નીતિ અને વ્યૂહાત્મક ભાગીદારીના કારણે ભારત દુનિયાના મોટા દેશો વચ્ચે પોતાની આગવી ઓળખ બનાવી રહ્યું છે. ભારતની નીતિ હંમેશા શાંતિ, સહયોગ અને સમતોલ વિકાસ પર આધારિત રહી છે, જેના કારણે તે અનેક દેશો માટે વિશ્વસનીય સાથીદાર બની ગયું છે. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં હાલમાં સૌથી મોટો ફેરફાર મહાશક્તિઓ વચ્ચે વધતી સ્પર્ધાનો છે. અમેરિકા, ચીન અને રશિયા જેવા દેશો પોતાની શક્તિ વધારવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે. આ પરિસ્થિતિમાં ભારત એક સંતુલિત અને સ્વતંત્ર નીતિ અપનાવી રહ્યું છે. ભારત કોઈ એક પક્ષ સાથે સંપૂર્ણ રીતે જોડાતું નથી, પરંતુ પોતાના હિતોને ધ્યાનમાં રાખીને તમામ દેશો સાથે સંબંધ જાળવી રાખે છે. આ જ ભારતની સૌથી મોટી શક્તિ છે. ચીન સાથેના સંબંધો ભારત માટે પડકારરૂપ રહ્યા છે. સરહદ વિવાદ અને એશિયામાં પ્રભુત્વ માટેની સ્પર્ધા બંને દેશો વચ્ચે તણાવનું મુખ્ય કારણ છે. તેમ છતાં ભારત શાંતિપૂર્ણ રીતે આ મુદ્દાઓ ઉકેલવાનો પ્રયાસ કરે છે. સાથે સાથે ભારત પોતાની સૈન્ય શક્તિ અને રાજદ્વારીને મજબૂત બનાવી રહ્યું છે જેથી તે પોતાની સુરક્ષા સુનિશ્ચિત કરી શકે. અમેરિકા સાથેના સંબંધો છેલ્લા કેટલાક વર્ષોમાં વધુ ગાઢ બન્યા છે. બંને દેશો વચ્ચે વેપાર, ટેક્નોલોજી અને રક્ષા ક્ષેત્રમાં સહકાર વધ્યો છે. ભારત અને અમેરિકા બંને લોકશાહી મૂલ્યોને માનનારા દેશો છે, જેના કારણે તેમની વચ્ચે સહયોગ વધવા માટે સારો આધાર મળે છે. તેમ છતાં ભારત પોતાની સ્વતંત્ર વિદેશ નીતિ જાળવી રાખે છે અને દરેક મુદ્દે પોતાની સ્થિતિ સ્પષ્ટ રાખે છે. રશિયા સાથે ભારતના સંબંધો પરંપરાગત રીતે મજબૂત રહ્યા છે. રક્ષા ક્ષેત્રમાં રશિયા ભારતનો મહત્વપૂર્ણ સાથીદાર રહ્યો છે. આજે પણ બંને દેશો વચ્ચે વિશ્વાસપૂર્ણ સંબંધો છે. યુધ્ધ જેવી પરિસ્થિતિઓમાં પણ ભારતે સંતુલિત અભિગમ અપનાવ્યો છે અને શાંતિ માટે અપીલ કરી છે. મધ્ય પૂર્વમાં પણ ભારતની ભૂમિકા વધી રહી છે. ઊર્જા સુરક્ષા માટે ભારત આ વિસ્તાર પર નિર્ભર છે. તેથી ભારત સાઉદી અરેબિયા, યુએઈ અને ઈરાન જેવા દેશો સાથે સારા સંબંધો જાળવી રાખે છે. સાથે સાથે ભારત આ વિસ્તારમાં સ્થિરતા અને શાંતિ જાળવવા માટે રાજદ્વારી પ્રયાસો પણ કરે છે. આર્થિક રીતે ભારત ઝડપથી વિકસતું દેશ છે. વિશ્વની મોટી અર્થવ્યવસ્થાઓમાં ભારતનો સમાવેશ થવા લાગ્યો છે. વિદેશી રોકાણ, સ્ટાર્ટઅપ સંસ્કૃતિ અને ટેક્નોલોજી વિકાસના કારણે ભારત વૈશ્વિક અર્થતંત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ઘણા દેશો હવે ભારતને એક વિશ્વસનીય બજાર અને ભાગીદાર તરીકે જોઈ રહ્યા છે. જલવાયુ પરિવર્તન પણ આંતરરાષ્ટ્રીય રાજકારણનો મહત્વપૂર્ણ મુદ્દો બની ગયો છે. ભારતે આ ક્ષેત્રમાં જવાબદાર ભૂમિકા ભજવી છે. નવિકરણ ઊર્જા, સોલાર એનર્જી અને પર્યાવરણ સંરક્ષણ માટે ભારતે અનેક પહેલો કરી છે. ભારત હંમેશા કહે છે કે વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવું જરૂરી છે. સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય વૈશ્વિક સંસ્થાઓમાં પણ ભારત પોતાની હાજરી મજબૂત કરી રહ્યું છે. ભારત લાંબા સમયથી સુરક્ષા પરિષદમાં સ્થાયી સભ્યપદ માટે માંગ કરી રહ્યું છે. ઘણા દેશો ભારતના આ દાવાને સમર્થન પણ આપે છે, કારણ કે ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે અને તેની વસ્તી તથા પ્રભાવ બંને વિશાળ છે.

# અખાત્રીજ – શ્રદ્ધા, પરંપરા અને આધુનિકતા વચ્ચેનો સંતુલન



અખાત્રીજ, જેને અક્ષય તૃતીયા તરીકે ઓળખવામાં આવે છે, ભારતીય સંસ્કૃતિનો એક મહત્વપૂર્ણ અને પવિત્ર તહેવાર છે. 'અક્ષય'નો અર્થ થાય છે ક્યારેય નાશ ન પામનાર, એટલે કે આ દિવસે કરવામાં આવેલા સારા કાર્યો, દાન અને પુણ્ય ક્યારેય ક્ષીણ થતું નથી એવી માન્યતા છે. ખાસ કરીને ગુજરાતમાં અખાત્રીજને અત્યંત શુભ દિવસ માનવામાં આવે છે અને કોઈપણ શુભ કાર્ય માટે અલગથી મુહૂર્ત જોવાની જરૂર પડતી નથી. આ માન્યતા તેને અન્ય તહેવારો કરતાં વિશેષ બનાવે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર આ દિવસે અનેક પવિત્ર ઘટનાઓ ઘટી હોવાનું માનવામાં આવે છે. એવી માન્યતા છે કે આ દિવસે ગંગા નદી પૃથ્વી પર અવતરિત થઈ હતી અને મહાભારતના લેખનનો પ્રારંભ થયો હતો. આ કારણોસર લોકો આ દિવસે ભગવાનની આરાધના કરે છે, દાન આપે છે અને જીવનમાં સુખ-સમૃધ્ધિ માટે પ્રાર્થના કરે છે. મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવે છે અને ભક્તોમાં એક વિશેષ ઉલ્લાસ જોવા મળે છે.

ગુજરાતના સામાજિક જીવનમાં અખાત્રીજનો વિશેષ પ્રભાવ છે. આ દિવસે મોટા પાયે લગ્નો યોજાય છે. ઘણા પરિવારો વર્ષોથી આ દિવસની રાહ જોતા હોય છે, કારણ કે તેઓ માનતા હોય છે કે આ દિવસે કરાયેલ લગ્ન જીવનભર સુખદ અને સફળ રહે છે. પરંતુ આ પરંપરા સાથે કેટલાક પડકારો પણ જોડાયેલા છે. એક જ દિવસે મોટી સંખ્યામાં લગ્ન યોજાતા હોવાથી ખર્ચમાં વધારો થાય છે અને ઘણી વખત પરિવારો પર આર્થિક બોજ પણ આવે છે. અખાત્રીજનો એક મહત્વપૂર્ણ પાસો સોનાની ખરીદી સાથે જોડાયેલો છે. લોકો આ દિવસે સોનું ખરીદવાનું ખૂબ શુભ માને છે, જેના કારણે બજારમાં ભારે ઉત્સાહ જોવા મળે છે. જ્વેલર્સ માટે આ દિવસ વર્ષના સૌથી વ્યસ્ત દિવસોમાંનો એક હોય છે. પરંતુ આ પ્રવૃત્તિ પાછળનું માનસશાસ્ત્ર પણ સમજવું જરૂરી છે. ઘણી વખત લોકો પરંપરાના દબાણમાં આવીને અનાવશ્યક ખર્ચ કરે છે, જે લાંબા ગાળે આર્થિક રીતે નુકસાનકારક બની શકે છે.

ખેડૂત વર્ગ માટે પણ અખાત્રીજનો વિશેષ મહત્ત્વ છે. આ દિવસે ખેડૂત પોતાના ખેતરમાં જઈને નવા પાક માટે પ્રાર્થના કરે છે અને ખેતીની શરૂઆત માટે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**


આશીર્વાદ માંગે છે. આ રીતે અખાત્રીજ માત્ર ધાર્મિક તહેવાર નહીં પરંતુ કૃષિજીવન સાથે પણ ગાઢ રીતે જોડાયેલો છે. આ દિવસ ખેડૂત માટે નવી આશા અને નવી શરૂઆતનું પ્રતિક છે. આધુનિક સમયમાં અખાત્રીજની ઉજવણીમાં પરિવર્તન જોવા મળે છે. યુવાનો હવે પરંપરાને માન આપતા હોવા છતાં તર્કસંગત વિચાર પણ કરે છે.

તેઓ માનતા થયા છે કે કોઈપણ દિવસ શુભ બની શકે છે જો આપણે સારા કાર્ય અને સકારાત્મક વિચાર સાથે જીવન જીવીએ. આ બદલાવ સમાજમાં એક નવી દિશા દર્શાવે છે, જ્યાં પરંપરા અને આધુનિકતા વચ્ચે સંતુલન સ્થાપિત કરવાનો પ્રયાસ થાય છે. પર્યાવરણની દૃષ્ટિએ પણ અખાત્રીજની ઉજવણી પર વિચાર કરવાની જરૂર છે. મોટા પાયે થતી ઉજવણીમાં ઘણીવાર ખોરાકનો બગાડ, પ્લાસ્ટિકનો વધતો ઉપયોગ અને ઊર્જાનો વ્યર્થ વપરાશ જોવા મળે છે. જો આપણે આ તહેવારને સાચા અર્થમાં પવિત્ર બનાવવો હોય, તો તેને પર્યાવરણમિત્ર રીતે ઉજવવો જોઈએ. સીમિત અને સંયમિત ઉજવણીથી પણ તહેવારનો આનંદ લઈ શકાય છે. આર્થિક દૃષ્ટિએ અખાત્રીજ દેશની અર્થવ્યવસ્થાને પણ પ્રભાવિત કરે છે. સોના-ચાંદીના વેપારમાં વધારો થાય છે, જેના કારણે બજારમાં ગતિશીલતા આવે છે. પરંતુ સાથે સાથે આ પણ સમજવું જરૂરી છે કે સાચી સમૃધ્ધિ માત્ર ભૌતિક સંપત્તિમાં નથી, પરંતુ માનસિક શાંતિ અને સંતોષમાં છે. અખાત્રીજનો સાચો અર્થ ત્યારે જ સાકાર થાય છે જ્યારે આપણે જીવનમાં સારા મૂલ્યોને અપનાવીએ. અખાત્રીજ આપણને દાન અને પરોપકારનું મહત્વ પણ શીખવે છે. આ દિવસે ગરીબોને અન્ન, કપડા અને અન્ય જરૂરી વસ્તુઓ આપવાનું વિશેષ મહત્ત્વ છે. આ માત્ર પરંપરા નથી, પરંતુ માનવતા અને સહાનુભૂતિનો પ્રતિક છે.

જો આપણે આ ભાવનાને જીવનમાં ઉતારીએ, તો સમાજમાં સમાનતા અને સુખ-શાંતિ વધે છે. સમાજમાં કેટલીક અંધશ્રધ્ધાઓ પણ અખાત્રીજ સાથે જોડાયેલી છે, જેને દૂર કરવાની જરૂર છે. માત્ર એક દિવસને અતિશય મહત્વ આપીને બાકીના દિવસોને અવગણવું યોગ્ય નથી. જીવનમાં દરેક દિવસ મહત્વપૂર્ણ છે અને દરેક દિવસે સારા કાર્ય કરીને આપણે સફળતા મેળવી શકીએ છીએ. આ સમજણ વિકસાવવી આજના સમયમાં ખૂબ જ જરૂરી છે. આ રીતે અખાત્રીજ માત્ર એક તહેવાર નથી, પરંતુ તે જીવનના વિવિધ પાસાઓને સ્પર્શે છે. તે આપણને શ્રધ્ધા, દાન, સંયમ અને સમજદારીનો સંદેશ આપે છે. પરંપરા અને આધુનિકતાના સંકલન સાથે જો આપણે આ તહેવાર ઉજવીએ, તો તે વધુ અર્થપૂર્ણ બની શકે છે. અંતમાં કહી શકાય કે અખાત્રીજનો સાચો અર્થ બહારની ઉજવણીમાં નહીં પરંતુ આંતરિક ભાવનામાં છે. જો આપણે આ દિવસને સારા વિચારો, સારા કાર્ય અને સકારાત્મક દૃષ્ટિકોણ સાથે ઉજવીએ, તો તે આપણા જીવનમાં સાચી ખુશી અને સમૃધ્ધિ લાવી શકે છે. આજે જરૂરી છે કે આપણે પરંપરાને માન આપતા હોવા છતાં તર્કસંગત અને જવાબદાર અભિગમ અપનાવીએ, જેથી અખાત્રીજનો તહેવાર ખરેખર "અક્ષય" સુખ અને સમૃધ્ધિનું પ્રતિક બની શકે.

**જો આપણે આ ભાવનાને જીવનમાં ઉતારીએ, તો સમાજમાં સમાનતા અને સુખ-શાંતિ વધે છે. સમાજમાં કેટલીક અંધશ્રદ્ધાઓ પણ અખાત્રીજ સાથે જોડાયેલી છે, જેને દૂર કરવાની જરૂર છે.**

## શબ્દ સંજોગ-૨૧૮૨



**આડી ચાવી :**
(૧) રામની જન્મભૂમિ (૩)
(૩) એક જમાનાનું ભારતનું માનચેસ્ટર (આ-અ) (૫)
(૭) આકાશ (૨)
(૯) પહેલ પાડેલો હીરો (૨)
(૧૦) મોહનદાસ ગાંધીનું હુલામણું નામ (૨)
(૧૧) સુંદર અવયવોવાળું (૩)
(૧૩) સૂર્ય (૨)
(૧૫) ઉનનું ભરેલી કિનારનું ઓઢવાનું એક કિમતી વસ્ત્ર (૨)
(૧૬) એક પંખી (૩)
(૧૭) વિભાગ (૨)
(૧૯) એક કંદ (૨)
(૨૦) જામીન તરીકેનું, સાટાનું (૨)
(૨૧) પર્વત (૨)
(૨૨) ચણાના લોટની એક મીઠાઈ (૩)
(૨૩) ઈન્ડોનેશિયાનો એક ટાપુ (૨)
(૨૪) અણસમજુ, મૂર્ખ (૩)
(૨૫) બોરીયું ઘાલવાનું નાકુ (૨)
(૨૭) ધરપકડ કરવાનો સરકારી પરવાનો (૩)
(૨૮) ઠગબાજી, પ્રપંચ (૩)

**ઉભી ચાવી :**
(૧) વર્તમાનપત્ર, છાપુ (૪)
(૨) ધ્વનિ, અવાજ (૨)
(૪) અંગ વિનાનું (૩)
(૪) એક કઠોળ (૨)
(૭) એક દિશા (૩)
(૮) મહાદેવ (૨)
(૧૨) કોટની દિવાલની બાજુ (૨)
(૧૩) ભાઠાની જમીન (૨)
(૧૪) મહાનાશ, જુલમ (૨)
(૧૫) ડાળીનો એક ભાગ (૨)
(૧૬) ભપકો, આડંબર (૨)
(૧૭) એક જાણીતા ગાયક (૨)
(૧૮) એક વાદ્ય (૨)
(૧૯) છાતી સરસુ ચાંપવુ તે (૪)
(૨૦) પતરાળું (૨)
(૨૧) લખાણની રીત, ઈબારત (૨)
(૨૨) નાની કાચી કેરી (૩)
(૨૩) ચાર પાયાવાળું એક જાતનું આસન (૩)
(૨૬) દૂધી (૨)

## શબ્દ સંજોગ-૨૧૮૧ જવાબ

**આડી ચાવી** : (૧) વિપાક (૩) વિશારદ (૬) નખશિખ (૭) રગ (૮) કખા (૯) નદ (૧૨) માસ્તર (૧૪) સમાર (૧૬) રાવ (૧૮) મે (૧૯) તલબ (૨૧) ચક્ષુ (૨૩) કેરલ (૨૪) અવકાશ (૨૬) કાકા (૨૮) ણમ (મણ) (૨૯) નગ (૩૦) ગોરજ.

**ઉભી ચાવી** : (૧) વિરેચન (૨) કનક (૩) વિશિખ (૪) શાખ (૫) દરખાસ્ત (૮) કમાવતર (૧૦) દસ (૧૧) દર (૧૩) રવાબ (૧૫) માત (૧૭) વિચક્ષણ (૨૦) લલકાર (૨૨) ભવન (૨૩) કેશ (૨૫) કાગ (૨૭) કાજ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૫૧ | ૧૭૮૦ |
| ઘઉં લોકવન | ૪૩૨ | ૪૯૫ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૧૫ |
| જુવાર સફેદ | ૮૨૫ | ૯૫૬ |
| જુવાર લાલ | ૯૬૦ | ૧૦૫૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૩૬૦ | ૪૭૦ |
| તુવેર | ૧૩૩૦ | ૧૫૪૦ |
| ચણા પીળા | ૯૨૧ | ૧૦૫૮ |
| ચણા સફેદ | ૧૧૫૧ | ૧૭૫૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૫૮૪ |
| મગ | ૧૧૦૦ | ૧૭૫૦ |
| વાલ દેશી | ૮૮૦ | ૧૨૩૦ |
| ચોળી | ૧૨૩૭ | ૧૨૩૭ |
| વટાણા | ૬૫૦ | ૧૧૧૨ |
| રાજમા | ૬૫૦ | ૧૮૪૦ |
| સીંગદાણા | ૧૮૨૦ | ૧૯૪૦ |
| મગફળી જાડી | ૧૩૧૦ | ૧૫૨૦ |
| મગફળી જીણી | ૧૩૫૦ | ૧૬૮૪ |
| અળશી | ૧૧૫૦ | ૧૪૭૦ |
| તલી | ૧૮૦૦ | ૨૦૫૦ |
| સુરજમુખી | ૯૨૫ | ૧૦૫૦ |
| એરંડા | ૧૧૯૧ | ૧૨૪૪ |
| અજમો | ૧૫૦૦ | ૨૫૫૦ |
| સુવા | ૧૩૦૦ | ૧૮૫૦ |
| સોયાબીન | ૮૫૦ | ૧૦૭૦ |
| સીંગફાડા | ૧૨૮૦ | ૧૮૮૯ |
| કાળા તલ | ૨૧૦૦ | ૩૮૦૦ |
| લસણ | ૭૩૦ | ૧૫૩૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૫૨૫ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૬૨૦૦ |
| ધાણી | ૨૨૭૫ | ૨૬૫૦ |
| વરીયાળી | ૧૪૫૦ | ૨૩૩૫ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૦૭૫ |
| રાય | ૧૧૦૦ | ૧૪૭૦ |
| મેથી | ૧૧૩૦ | ૧૭૦૦ |
| ઇસબગુલ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| અશેરીયો | ૧૦૨૫ | ૧૧૫૦ |
| કલોંજી | ૨૫૦૦ | ૩૨૩૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| બટેટા | ૯૧ | ૨૫૨ |
| ડુંગળી સુકી | ૩૫ | ૨૪૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૭૭૬ |
| ઘઉં લોકવન | ૪૧૬ | ૫૬૧ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૬૭૧ |
| મગફળી જીણી | ૧૨૭૧ | ૧૬૯૧ |
| સિંગદાણા જાડા | ૧૭૭૧ | ૧૯૪૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૮૪૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૧ | ૧૨૬૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૨૬૧ |
| ક્લંજી | ૧૩૦૧ | ૩૨૪૧ |
| વરીયાળી | ૭૦૧ | ૧૫૦૧ |
| ધાણા | ૧૭૦૧ | ૨૫૯૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૮૦૧ | ૭૩૦૧ |
| ડુંગળી લાલ | ૩૧ | ૨૫૬ |
| અડદ | ૪૦૧ | ૧૫૮૧ |
| મઠ | ૨૯૧ | ૨૯૧ |
| તુવેર | ૮૦૦ | ૧૫૯૧ |
| રાયડો | ૯૦૧ | ૧૧૭૧ |
| રાય | ૮૫૧ | ૧૨૫૧ |
| મેથી | ૮૫૧ | ૧૫૧૧ |
| કાંગ | ૩૫૧ | ૫૫૧ |
| સુરજમુખી | ૮૫૧ | ૧૧૦૦ |
| મરચા | ૧૯૦૧ | ૭૫૦૧ |
| મગફળી જાડી | ૧૧૭૬ | ૧૬૫૬ |
| સફેદ ચણા | ૧૦૧૬ | ૧૭૬૧ |
| મગફળી ૬૬ | ૧૨૦૧ | ૧૬૩૧ |
| તલ - તલી | ૧૪૧૧ | ૨૦૯૧ |
| ધાણી | ૧૮૦૧ | ૨૭૫૧ |
| મરચા સૂકા ઘોલર | ૨૭૦૧ | ૮૨૦૧ |
| ડુંગળી સફેદ | ૧૭૦ | ૨૨૦ |
| બાજરો | ૨૯૧ | ૩૫૧ |
| જુવાર | ૫૫૧ | ૮૫૧ |
| મકાઇ | ૩૦૧ | ૪૦૧ |
| મગ | ૮૨૬ | ૧૭૧૧ |
| ચણા | ૯૫૦ | ૧૦૯૬ |
| વાલ | ૫૦૧ | ૧૨૫૧ |
| વાલ પાપડી | ૧૪૭૬ | ૧૪૭૬ |
| ચોળા / ચોળી | ૫૧૧ | ૯૫૧ |
| સોયાબીન | ૮૧૧ | ૧૦૯૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૨૯૧ |
| વટાણા | ૬૦૧ | ૧૦૮૧ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૧૯૦ | ૧૫૮૦ |
| શિંગદાણા ફાડા | ૧૩૨૫ | ૧૮૨૫ |
| તલ સફેદ | ૧૪૪૦ | ૨૨૪૦ |
| તલ કાળા | ૧૭૦૦ | ૩૯૪૦ |
| તલ કાશમીરી | ૧૭૭૦ | ૧૯૭૫ |
| જુવાર | ૭૭૦ | ૮૨૫ |
| ઘઉં બંસી | ૪૧૫ | ૪૧૫ |
| ઘઉં ટુકડા | ૩૬૦ | ૫૮૫ |
| ઘઉં લોકવન | ૩૮૦ | ૫૧૦ |
| મકાઇ | ૪૦૫ | ૪૦૫ |
| મગ | ૧૦૩૦ | ૧૫૬૫ |
| અડદ | ૧૪૭૦ | ૧૫૧૦ |
| ચણા | ૮૮૦ | ૧૦૭૦ |
| સફેદ ચણા | ૧૦૧૦ | ૧૧૬૦ |
| છોલે ચણા | ૧૩૨૦ | ૧૪૭૦ |
| તુવેર | ૭૬૫ | ૧૪૭૦ |
| કપાસ | ૮૫૦ | ૧૭૮૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૩૫ |
| જીરૂ | ૨૮૦૦ | ૪૧૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૧૦૦ |
| રાય | ૧૨૦૦ | ૧૪૧૫ |
| ધાણા | ૨૧૫૦ | ૨૪૫૫ |
| ધાણી | ૧૮૭૦ | ૩૧૪૦ |
| અજમા | ૧૫૫૦ | ૨૨૭૦ |
| મેથી | ૯૪૦ | ૧૨૧૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મરચા લાંબા | ૧૮૭૦ | ૬૭૪૦ |
| વરીયાળી | ૧૫૦૦ | ૨૩૫૦ |
| કાંગ | ૪૫૦ | ૪૭૦ |
| સુવાદાણા | ૧૫૦૫ | ૧૫૦૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૯૦ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૫૧૫ |
| તલ સફેદ | ૧૫૨૧ | ૨૦૭૦ |
| તલ કાળા | ૩૦૫૦ | ૩૭૬૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૮૬૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૩૭ |
| ઘઉં લોકવન | ૫૨૧ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૪૦ |
| બાજરો | ૪૨૨ | ૫૪૦ |
| જુવાર | ૬૦૦ | --- |
| મગ | ૧૨૦૦ | --- |
| અડદ | ૧૦૫૦ | --- |
| ચણા | ૧૦૧૦ | ૧૦૭૦ |
| દેશી ચણા | ૧૦૨૦ | ૧૧૨૦ |
| તુવેર | ૧૪૦૦ | ૧૬૦૦ |
| એરડી | ૧૧૮૦ | ૧૨૨૧ |
| મેથી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૩૦૦ |
| કલોજી | ૨૬૦૦ | ૩૦૩૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૧૦ | ૧૬૧૦ |
| મગફળી | ૧૦૦૫ | ૧૩૦૦ |
| ઘઉં | ૩૯૫ | ૪૪૧ |
| ચણા | ૧૦૦૩ | ૧૦૩૮ |
| સફેદ ચણા | ૧૧૯૫ | ૧૧૯૫ |
| ધાણા | ૧૭૦૦ | ૨૪૧૦ |
| તુવેર | ૧૨૦૫ | ૧૪૩૫ |
| તલ | ૧૯૨૦ | ૧૯૨૦ |
| એરંડા | ૧૧૫૫ | ૧૧૫૫ |
| શીંગ ફાડા | ૧૭૧૦ | ૧૭૧૭ |
| મગ | ૧૫૦૫ | ૧૫૦૫ |
| રાઈ | ૧૦૪૫ | ૧૦૪૫ |
| મેથી | ૧૦૭૦ | ૧૧૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૭૧૦ |
| ઘઉ લોકવન | ૩૮૦ | ૪૩૩ |
| ઘઉ ટુકડા | ૩૬૫ | ૪૩૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૫ |
| ધાણા | ૧૫૦૦ | ૨૩૧૦ |
| કલેંજી | ૨૮૯૫ | ૨૮૯૫ |
| તુવેર | ૯૨૦ | ૧૪૨૦ |
| ધાણી | ૧૪૦૦ | ૨૦૬૦ |
| મગફળી | ૧૦૪૦ | ૧૪૦૦ |
| મેથી | ૧૦૨૦ | ૧૦૫૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| રાયડો | ૯૧૦ | ૯૧૦ |
| જુવાર | ૮૦૦ | ૮૦૦ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૬૫૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૯૬૫ | ૧૦૨૪ |
| લશણ | ૨૦૦ | ૬૦૦ |
| મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| મકાઈ | ૩૮૦ | ૩૮૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૨૦ | ૧૮૨૬ |
| કપાસ મીડીયમ | ૧૪૯૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૨૫૦ | ૧૪૬૦ |
| જીરૂ | ૩૨૧૦ | ૪૦૮૦ |
| ચણા | ૧૦૨૫ | ૧૦૫૫ |
| ઘઉ | ૪૭૫ | ૫૧૫ |
| ધાણા | ૧૫૬૦ | ૨૪૦૦ |
| તુવેર | ૧૨૨૦ | ૧૪૫૦ |
| એરંડા | ૯૯૦ | ૧૨૩૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૮૦૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૦૫ |
| ચણા | ૮૦૧ | ૧૦૫૬ |
| તુવેર | ૮૫૧ | ૧૫૩૬ |
| મગફળી | ૭૦૧ | ૧૪૪૬ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૯૧ |
| એરંડા | ૯૫૧ | ૧૧૭૬ |
| તલ સફેદ | ૧૧૦૧ | ૧૯૦૧ |
| જીરૂ | ૨૫૦૧ | ૩૭૬૬ |
| ધાણા | ૧૧૦૧ | ૨૪૪૬ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૩૧ |
| **મહુવા** | | |
| કપાસ શંકર | ૯૨૫ | ૧૬૭૫ |
| શીંગ મગડી ઉનાળુ | ૧૫૭૦ | ૧૭૩૦ |
| શીંગ ૩૨ | ૧૩૫૦ | ૧૩૯૭ |
| શીંગ ૩૯ | ૧૨૫૦ | ૧૪૧૦ |
| શીંગ જી-૨૦ | ૧૨૫૮ | ૧૪૪૦ |
| એરંડા | ૧૧૧૫ | ૧૨૧૬ |
| જુવાર | ૩૦૦ | ૬૯૯ |
| બાજરી | ૩૦૭ | ૫૪૩ |
| ઘઉં ટુકડા | ૩૦૦ | ૬૨૧ |
| અડદ | ૭૦૦ | ૮૩૦ |
| મગ | ૧૪૬૬ | ૧૬૮૦ |
| મેથી | ૭૦૦ | ૧૧૬૦ |
| ચણા | ૫૦૦ | ૧૦૫૭ |
| તલ | ૧૭૦૦ | ૨૦૭૫ |
| તલ કાળા | ૧૦૦૦ | ૩૩૭૫ |
| તુવેર | ૬૦૦ | ૧૪૭૧ |
| જીરૂ | ૪૫૦૧ | ૪૫૦૧ |
| ડુંગળી | ૬૦ | ૨૦૯ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૨૬૨ |
| નાળીયેર | ૫૬૦ | ૨૦૬૫ |
| નાળીયેર | ૬૮૦ | ૨૫૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૫૫૬ |
| બાજરો | ૩૭૫ | ૫૨૪ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૨૦ |
| ઘઉં | ૪૦૪ | ૪૮૭ |
| રાય | ૧૨૧૧ | ૧૩૫૦ |
| રાયડો | ૧૦૧૧ | ૧૧૭૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૭૦ |
| જુવાર | ૭૦૦ | ૯૩૨ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૦૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૩૫ |
| ચણા | ૯૧૧ | ૧૦૪૮ |
| સોયાબીન | ૧૦૧૧ | ૧૧૦૫ |
| ધાણા | ૧૭૫૦ | ૨૨૯૫ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૫૦ | ૮૨૦ |
| બાજરો | ૪૨૫ | ૬૨૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૩ |
| અડદ | ૯૦૦ | ૧૫૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૯૦ |
| ચોળી | ૮૦૦ | ૮૫૦ |
| મેથી | ૬૪૦ | ૧૪૪૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૯૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૪૩૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૫૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૨૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૩૫ |
| રાઈ | ૧૧૦૦ | ૧૪૭૦ |
| લસણ | ૮૨૫ | ૧૫૨૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૭૯૫ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૦૪૦ |
| અજમો | ૨૦૦૦ | ૩૯૦૫ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૫૯૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૪૧૦ |
| મરચા | ૨૧૦૦ | ૫૭૫૦ |
| ડુંગળી | ૩૦ | ૧૫૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૯૬ |
| વટાણા | ૫૮૦ | ૯૨૦ |
| કલોજી | ૧૦૦૦ | ૩૧૯૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૯૨૬ | ૨૧૭૫ |
| તલ કાળા | ૨૮૨૫ | ૨૮૨૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૭૧૫ |
| બાજરો | ૨૫૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૫૨૭ |
| જુવાર | ૪૦૦ | ૯૩૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૧૧ |
| ચણા | ૭૬૦ | ૧૦૫૫ |
| ધાણા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| મેથી | ૧૧૮૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૧૦૨૫ | ૧૦૨૫ |
| રાય | ૧૦૪૬ | ૧૩૧૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# પડતર માંગણીઓ ન સંતોષાતા રાજ્યભરના રેશન દુકાનદારો આવતીકાલથી હડતાલ પર જશે

અમદાવાદ,તા.૧૭



અમદાવાદમાં ૧૭મી એપ્રિલના રોજ રેશન દુકાનદારોએ એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે જેનાથી રાજ્યની જાહેર વિતરણ પ્રણાલીમાં મોટો વળાંક આવ્યો છે. રાજ્યભરના રેશન દુકાનદારોએ તેમની લાંબા સમયની પડતર માંગણીઓ ન સંતોષાતા આગામી ૧૯ એપ્રિલથી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરવાનું નક્કી કર્યું છે. રેશન દુકાનદાર એસોસિએશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ આ નિર્ણયની સત્તાવાર જાહેરાત કરતા જણાવ્યું કે વારંવારની રજૂઆતો છતાં સરકાર દ્વારા કોઈ સકારાત્મક નિરાકરણ આવ્યું નથી તેથી હવે વેપારીઓ વિતરણ વ્યવસ્થાથી સંપૂર્ણપણે અળગા રહેશે.દુકાનદારોનો મુખ્ય આક્ષેપ એ છે કે એપ્રિલ માસનો રેશનનો જથ્થો હજુ સુધી દુકાનો સુધી પહોંચ્યો નથી જેના કારણે ગ્રાહકો સાથે બિનજરૂરી ઘર્ષણના બનાવો બને છે. એસોસિએશનની સ્પષ્ટ માંગણી છે કે દર મહિનાની ૧ થી ૭ તારીખની વચ્ચે જ જથ્થો મળી જવો જોઈએ જેથી વિતરણ સુચારૂ રીતે થઈ શકે. આ હડતાળને પગલે વેપારીઓએ નવો જથ્થો સ્વીકારવાની પણ ના પાડી દીધી છે જેની સીધી અસર ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો પર પડશે.

# રાજ્યમાં કાળઝાળ ગરમી કહેર મચાવશે, તાપમાન ૪૨ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા

અમદાવાદ,તા.૧૭



ગુજરાતમાં ગરમીનો પ્રકોપ દિવસેને દિવસે વધી રહ્યો છે અને રાજ્યભરમાં તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી દિવસોમાં તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે, જેના કારણે લોકો ગરમીથી પરેશાન બન્યા છે. હાલમાં રાજકોટમાં તાપમાન ૪૧.૯ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે, જ્યારે સુરેન્દ્રનગર અને અમરેલીમાં પણ પારો ૪૦ ડિગ્રીથી ઉપર ગયો છે. ખાસ કરીને બપોરના સમયે લોકોને બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવી છે. ગરમીના વધતા પ્રભાવને કારણે હીટસ્ટ્રોક અને ડિહાઈડ્રેશન જેવી સમસ્યાઓ વધવાની શક્યતા હોવાથી નાગરિકોને પૂરતું પાણી પીવું અને સાવચેતી રાખવાની સૂચના આપવામાં આવી છે. આ વચ્ચે હવામાન વિભાગે ૧૯ અને ૨૦ એપ્રિલ દરમિયાન સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં હળવા વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. માવઠાને કારણે તાપમાનમાં થોડો ઘટાડો થવાની આશા છે.

# કોડીનારમાં ભગવાન પરશુરામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાશે

**શોભાયાત્રા, મહાઆરતી અને મહાપ્રસાદના કાર્યક્રમો થશે આયોજિત**

કોડીનાર, તા.૧૭

કોડીનારમાં તા. ૧૯ના રોજ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ભગવાન પરશુરામજીનો જન્મોત્સવ ધામધૂમથી ઉજવાશે. બ્રહ્મપુરી ખાતે સવારે વિશેષ પૂજા, મહાઆરતી અને અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.બપોરે ૪ વાગ્યે ભવ્ય શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થશે, જેમાં 'જય પરશુરામ'ના જયઘોષ સાથે ભાવિકો ઉમટી પડશે. શોભાયાત્રા પૂર્ણ થયા બાદ સાંજે આરતી અને સમૂહ મહાપ્રસાદનું આયોજન રહેશે.આ આયોજન માટે બ્રહ્મ સમાજના આગેવાનો અને યુવાનો તૈયારીઓમાં વ્યસ્ત છે. શહેર અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહેવાની શક્યતા છે.

# ધોરાજીમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે ખેડૂતોના પડતર પ્રશ્નો બન્યા ચૂંટણીનો મુદ્દો

ધોરાજી, તા.૧૭



લોકશાહીના પર્વ સમાન સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નજીક છે ત્યારે ધોરાજી પંથકમાં રાજકીય ગરમાવો વધ્યો છે. જોકે, આ વખતે પક્ષોના વાયદાઓ સામે ધરતીપુત્રોના પાયાના પ્રશ્નો અને તેમની વેદના ચૂંટણીનાં મુખ્ય એજન્ડા તરીકે ઉભરી આવ્યા છે. ધોરાજી તાલુકા પંચાયતની ચૂંટણી પૂર્વે ખેડૂતોમાં સરકાર પ્રત્યે ભારે નારાજગી જોવા મળી રહી છે. જયેશભાઈ લાખાણી અને અન્ય ખેડૂતોના જણાવ્યા મુજબ, સતત વધતી મોંઘવારી અને ગ્રામીણ બેરોજગારીએ સામાન્ય જનજીવન મુશ્કેલ બનાવ્યું છે. ખેતી ક્ષેત્રે મુખ્ય સમસ્યા અનિયમિત વીજ પુરવઠો છે, જેના કારણે સિંચાઈના અભાવે પાકને નુકસાન થઈ રહ્યું છે. વધુમાં, બિયારણ અને ખાતરના ભાવમાં ધરખમ વધારો થયો છે, પરંતુ તેની સામે ખેત પેદાશોના યોગ્ય ટેકાના ભાવ મળતા નથી. ખેડૂતોનો આક્ષેપ છે કે ચૂંટણી સમયે જ તેમના પ્રશ્નો સાંભળવામાં આવે છે, પરંતુ કાયમી ઉકેલ આવતો નથી. ખેતી હવે આર્થિક રીતે નુકસાનકારક વ્યવસાય બની રહી હોવાથી ખેડૂતોમાં રોષ છે.

# સનવાવમાં મધરાતે સિંહણે ગાયનું મારણ કરતા ગ્રામજનોમાં ભયનો માહોલ

ઉના, તા.૧૭



ગીર ગઢડા તાલુકાના સનવાવ ગામમાં મધરાતે સિંહણે ગાયનું મારણ કરતાં ગામમાં ભયનો માહોલ ફેલાયો હતો. જંગલ બોર્ડર નજીક આવેલ ગામમાં સિંહણ રહેણાક વિસ્તારમાં ઘૂસી આવી અને 'ગોંદરા' વિસ્તારમાં ગાયને નિશાન બનાવી શિકાર કર્યો હતો. સિંહણ કલાકો સુધી રોડ પર જ બેસીને શિકારની મિજબાની માણતી રહી હતી.આ ઘટનાને પગલે ગ્રામજનોમાં ભય વ્યાપ્યો છે. લોકો વન વિભાગ પાસે પેટ્રોલિંગ અને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાની માગ કરી રહ્યા છે.

# સુપેડી ગામમાં મુરલી મનોહર મંદિર વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું

ધોરાજી, તા.૧૭



ધોરાજી તાલુકાના સુપેડી ગામમાં આવેલ પૌરાણિક મુરલી મનોહર મંદિરને લઈ વિવાદ ઉગ્ર બન્યો છે. મંદિરના મહંત રવિન્દ્રદાસ બાપુ અને સેવક ડી.સી. પટેલ સામે ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. મનસ્વી વહીવટ, ધમકીઓ અને ભેદભાવના આક્ષેપોને લઈને ગ્રામજનોએ ગામ સજ્જડ બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો. ધોમધખતા તાપમાં મહિલાઓ, પુરુષો અને બાળકો મોટી સંખ્યામાં ધોરાજી પ્રાંત કચેરીએ પહોંચી આવેદનપત્ર આપ્યું હતું. ગ્રામજનોએ મહંત અને સેવકને તાત્કાલિક હટાવવાની માગણી કરી હતી. તેઓએ ચેતવણી આપી કે માંગ સંતોષાશે નહીં તો ગામ અનિશ્ચિત સમય સુધી બંધ રાખવામાં આવશે તેમજ તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવશે. આવેદનમાં દર્શાવવામાં આવ્યું છે કે મંદિરમાં દર્શન માટે અવરોધ ઉભા થાય છે, તહેવારોમાં દીકરીઓને પૂજનથી વંચિત રાખવામાં આવે છે અને યજમાનો પાસેથી મોટી રકમ વસૂલાય છે. પોલીસે સ્થળ પર પહોંચી પરિસ્થિતિ કાબૂમાં લીધી છે અને શાંતિ જળવાઈ રહે તે માટે બંદોબસ્ત ગોઠવાયો છે. હાલ સ્થિતિ તણાવપૂર્ણ હોવા છતાં નિયંત્રણ હેઠળ હોવાનું જાણવા મળે છે.

# ધોરાજીમાં રામદેવજી મહારાજનો નૂતન સવરા મંડપ મહોત્સવ યોજાશે

**રાત્રે ભવ્ય સંતવાણી તથા લોકડાયરો યોજાશે**

ધોરાજી, તા.૧૭

ધોરાજીમાં સનાતન ધામ ઉદાસી આશ્રમ તથા નાનકશાની જગ્યા દ્વારા બાર બીજના અલખધણી રામદેવજી મહારાજના નૂતન સવરા મંડપ અખંડ પાટ જ્યોત દર્શન મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. નાનકશા જગ્યા ગત મંડળ અને સનાતન ધામ ઉદાસી આશ્રમના મહંત ભીખૂબાપૂ નાનક, ગાદીપતિ મહંત પૂ. હર્ષદ બાપુ, મયૂર બાપુ તેમજ પૂજારી માનવ બાપુ સહિતના સેવક ગણોએ જણાવ્યું છે કે, આ મહોત્સવ આગામી તારીખ ૧૮/૦૪/૨૦૨૬, શનિવારના રોજ યોજાશે, જેની તડામાર તૈયારીઓને હાલ આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. કાર્યક્રમની રૂપરેખા મુજબ, ૧૦ એપ્રિલે કુંભ સ્થાપન બાદ ૧૭ એપ્રિલે નેજા મંડપ અને સંતોના સામૈયા યોજાશે. મહોત્સવના મુખ્ય દિવસે એટલે કે ૧૮ એપ્રિલે સવરા મંડપ પ્રાગટ્ય થશે, જેમાં બપોરે મહાપ્રસાદ અને રાત્રે ભવ્ય સંતવાણી તથા લોકડાયરો યોજાશે. આ પ્રસંગે વિવિધ સંતો-મહંતો અને અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. ભજન, ભક્તિ અને ભોજનના આ ત્રિવેણી સંગમમાં પંથકના હજારો શ્રધ્ધાળુઓ ઉમટી પડશે.


## જાહેર નોટીસ

આથી અમો કેઝાર શબ્બીરભાઈ ભારમલ, એડવોકેટ, અમરેલી તે અમારા અસીલ તરફથી મળેલ સુચના અનુસાર આ જાહેર નોટીસથી તમામ લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવીએ છીએ કે, અમારા અસીલ અમરેલી તાલુકાના મોજે.ગામ શેડુભાર ગામની સીમની જમીન રે.સ.નં.૩૩૧ પૈકી ૨/ પૈકી ૧ વાળી જુની શરતની જમીન હે.આરે.૧-૪૬-૧૮ ચો.મી. આકાર રૂા.૯-૦૦ પૈસા જે ૧.નરેશભાઈ બહાદુરભાઈ ધાધલ, રે.જશવંતગઢ, તા.જી, અમરેલી,નાં સ્વતંત્ર ખાતે ખાતા નં.૧૪૦૨ થી ચાલે છે. સદરહું જમીન અમારા અસીલ તેમના માલીક પાસેથી ખરીદ કરવા માંગે છે. તો આ જમીન અંગે માલીકી, કબજા કે ટાઈટલ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય કે આ જમીન ઉપર કોઈનું કોઈપણ પ્રકારનું લેણુ, બોજો, ગીરો કે લોન હોય કે કોર્ટ કેસ કે દરદાવા, હકકહિસ્સા હોય કે અન્ય કોઈપણ પ્રકારની તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં લેખિત આધાર પુરાવા સાથે અમોને નીચેનાં સરનામે જાણ કરવી. મુદત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે હરકત નથી અથવા હોય તો જતો (વેઈવ) કરેલ છે તેમ માની મારા અસીલ ઉપરોકત જમીન ખરીદ કરી વેચાણ દસ્તાવેજ કરવા અંગેની કાર્યવાહી કરશે. ત્યારબાદ કોઈનો વાંધો કે હરકત મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

તારીખ : ૧૭-૦૪-૨૦૨૬
અમારા મારફતે
કેઝાર એસ. ભારમલ, એડવોકેટ,
૪/૧ટ્રેડ સેન્ટર, કલેકટર કચેરી પાસે,
અમરેલી. મો.નં.૯૬૩૮૩-૭૫૩૭૫

સહી
(કેઝાર એસ. ભારમલ)


# સુત્રાપાડા નજીક સુંદરપરા ટોલનાકાના કર્મચારીઓ વિરૂધ્ધ પોલીસને રજૂઆત

કોડીનાર,તા.૧૬

ગીર સોમનાથના સુત્રાપાડા પોલીસ સ્ટેશનમાં સુંદરપરા ટોલ નાકાના કર્મચારીઓ વિરુધ્ધ લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ ઘટના ત્યારે બની જ્યારે વેરાવળથી કોડીનાર તરફ જઈ રહેલા આદિલ મલેક અને સાજીદ મન્સૂરીની કારમાં ફાસ્ટટેગ બેલેન્સ ઓછું હોવાથી તેમણે વાહન પાછળ લેવાનો પ્રયાસ કર્યો હતો. જોકે પાછળ અન્ય વાહનો આવી જતાં ટોલ કર્મચારીને વાહનો હટાવવા વિનંતી કરવા છતાં તેણે સહકાર આપવાને બદલે ઉગ્ર વર્તન કર્યું હતું. ત્યારબાદ અન્ય ૫ થી ૬ કર્મચારીઓ પણ એકઠા થઈ ગયા હતા અને વાહન ચાલકો સાથે બેફામ વાણીવિલાસ કરી દાદાગીરી આચરી હતી. જ્યારે ચાલકે પોલીસને જાણ કરવાની વાત કરી ત્યારે કર્મચારીઓએ 'ગમે ત્યાંથી પોલીસ બોલાવો, થાય તે કરી લો' તેવી ખુલ્લી ધમકીઓ આપી હતી. વાયરલ વીડિયોના આધારે અરજદારોએ આ મામલે તટસ્થ તપાસ કરી દોષિતો સામે કડક પગલાં લેવાની માંગણી કરી છે.

# ગોંડલમાં ભારતીય જનતા પાર્ટીના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન કરાયું

ગોંડલ, તા.૧૭




ગોંડલ-જેતપુર રોડ પર દાસીજીવણ પાર્ટી પ્લોટ ખાતે ભાજપના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાએ ગોંડલને 'ગુંડાનગરી' તરીકે ચિતરનારા અને ખેડૂતોના પ્રશ્નોમાં અવરોધ ઊભો કરનારા તત્વોની આકરી ટીકા કરી હતી. રમેશભાઈ ધડુકે આ ચૂંટણીને ૨૦૨૭નું 'ટ્રેલર' ગણાવી તમામ બેઠકો પર ભવ્ય જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.


## જાહેર નોટીસ

આથી અમો કેઝાર શબ્બીરભાઈ ભારમલ, એડવોકેટ, અમરેલી તે અમારા અસીલ તરફથી મળેલ સુચના અનુસાર આ જાહેર નોટીસથી તમામ લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવીએ છીએ કે, અમારા અસીલ અમરેલી તાલુકાના મોજે.ગામ વાંકીયા ગામની સીમની જમીન રે.સ.નં.૩૬૧/૨ પૈકી ૧ વાળી જુની શરતની જમીન હે.આરે. ૧-૭૯-૦૭ ચો.મી. આકાર રૂા.૧૧-૫૦ પૈસા જે ૧.બરવાળીયા રમેશભાઈ મોહનભાઈ, રે.૪૫–લક્ષ્મીનારાયણ સોસાયટી,હિરાવાડી રોડ,મહાવીર નગર, સૈજપુર, બોધા-અમદાવાદ,નાં સ્વતંત્ર ખાતે ખાતા નં.૪૨૪ થી ચાલે છે. સદરહું જમીન અમારા અસીલ તેમના માલીક પાસેથી ખરીદ કરવા માંગે છે. તો આ જમીન અંગે માલીકી, કબજા કે ટાઈટલ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય કે આ જમીન ઉપર કોઈનું કોઈ-પણ પ્રકારનું લેણુ, બોજો, ગીરો કે લોન હોય કે કોર્ટ કેસ કે દરદાવા, હકકહિસ્સા હોય કે અન્ય કોઈપણ પ્રકારની તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં લેખિત આધાર પુરાવા સાથે અમોને નીચેનાં સરનામે જાણ કરવી. મુદત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે હરકત નથી અથવા હોય તો જતો (વેઈવ) કરેલ છે તેમ માની મારા અસીલ ઉપરોક્ત જમીન ખરીદ કરી વેચાણ દસ્તાવેજ કરવા અંગેની કાર્યવાહી કરશે. ત્યારબાદ કોઈનો વાંધો કે હરકત મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

તારીખ : ૧૭-૦૪-૨૦૨૬
અમારા મારફતે
કેઝાર એસ. ભારમલ, એડવોકેટ,
૪/૧ટ્રેડ સેન્ટર, કલેકટર કચેરી પાસે,
અમરેલી. મો.નં.૯૬૩૮૩-૭૫૩૭૫

સહી
(કેઝાર એસ. ભારમલ)

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૩૬/૨૦૨૬

અરજદાર :- શ્રી રવજીભાઈ મનજીભાઈ નાડોદા
રહે.ભોજલપરા, ચિતલ, તા.જિ.અમરેલી ૩૬૫૬૨૦
મો. ૯૩૭૭૪૩૮૫૧૨

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.ચિતલ, તા.જિ. અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામમાં રવજીભાઈ મનજીભાઈ નાડોદા તેઓના માતા સંતોકબેન મનજીભાઈ નાડોદાની મરણ (તા.૦૧/૦૧/૧૯૯૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## જાહેર નોટીસ

આથી અમો કેઝાર શબ્બીરભાઈ ભારમલ, એડવોકેટ, અમરેલી તે અમારા અસીલ તરફથી મળેલ સુચના અનુસાર આ જાહેર નોટીસથી તમામ લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવીએ છીએ કે, અમારા અસીલ અમરેલી તાલુકાના મોજે.ગામ વાંકીયા ગામની સીમની જમીન રે.સ.નં.૩૬૧/૨ પૈકી ૨ વાળી જુની શરતની જમીન હે.આરે. ૦-૮૦-૯૪ ચો.મી. આકાર રૂા.૪-૦૦ પૈસા જે ૧.બરવાળીયા કાન્તાબેન રમેશભાઈ, રે.૪૫–લક્ષ્મીનારાયણ સોસાયટી,હિરાવાડી રોડ,મહાવીર નગર, સૈજપુર, બોધા-અમદાવાદ,નાં સ્વતંત્ર ખાતે ખાતા નં.૭૬૮ થી ચાલે છે. સદરહું જમીન અમારા અસીલ તેમના માલીક પાસેથી ખરીદ કરવા માંગે છે. તો આ જમીન અંગે માલીકી, કબજા કે ટાઈટલ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય કે આ જમીન ઉપર કોઈનું કોઈ-પણ પ્રકારનું લેણુ, બોજો, ગીરો કે લોન હોય કે કોર્ટ કેસ કે દરદાવા, હકકહિસ્સા હોય કે અન્ય કોઈપણ પ્રકારની તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં લેખિત આધાર પુરાવા સાથે અમોને નીચેનાં સરનામે જાણ કરવી. મુદત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે હરકત નથી અથવા હોય તો જતો (વેઈવ) કરેલ છે તેમ માની મારા અસીલ ઉપરોકત જમીન ખરીદ કરી વેચાણ દસ્તાવેજ કરવા અંગેની કાર્યવાહી કરશે. ત્યારબાદ કોઈનો વાંધો કે હરકત મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

તારીખ : ૧૭-૦૪-૨૦૨૬
અમારા મારફતે
કેઝાર એસ. ભારમલ, એડવોકેટ,
૪/૧ટ્રેડ સેન્ટર, કલેકટર કચેરી પાસે,
અમરેલી. મો.નં.૯૬૩૮૩-૭૫૩૭૫

સહી
(કેઝાર એસ. ભારમલ)

# આ વર્ષે રશિયન રાષ્ટ્રપતિ પુતિન બ્રિક્સ સમિટમાં હાજરી આપવા ભારત આવશે

નવીદિલ્હી,તા.૧૭

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આ વર્ષે ભારતની મુલાકાત લઈ શકે છે. તેઓ સપ્ટેમ્બર ૨૦૨૬માં નવી દિલ્હીમાં યોજાનારી ૧૮મી બ્રિક્સ સમિટમાં હાજરી આપવા માટે આવશે. ક્રેમલિનના સૂત્રો અનુસાર, પુતિનની એક વર્ષથી ઓછા સમયમાં ભારતની આ બીજી મુલાકાત હશે. ભારત વર્ષ ૨૦૨૬માં બ્રિક્સનું અધ્યક્ષપદ સંભાળી રહ્યું છે અને નવી દિલ્હી આ મહત્વપૂર્ણ સમિટનું આયોજન કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ સમિટ સપ્ટેમ્બરમાં (સંભવિત ૧૨-૧૩ સપ્ટેમ્બર) યોજાશે. ભારત માટે આ બ્રિક્સનું ચોથું આયોજન છે, જે અગાઉ ૨૦૧૨, ૨૦૧૬ અને ૨૦૨૧માં યોજાઈ ચૂક્યું છે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે પુષ્ટિ કરી છે કે રાષ્ટ્રપતિ પુતિન ચોક્કસપણે આ સમિટમાં હાજર રહેશે.



બ્રિક્સ જૂથમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા જેવા મુખ્ય ઊભરતા અર્થતંત્રોનો સમાવેશ થાય છે. તાજેતરના વર્ષોમાં આ જૂથનો વિસ્તાર થયો છે અને નવા સભ્યો ઉમેરાયા છે. વૈશ્વિક આર્થિક સહયોગ, વેપાર વૃદ્ધિ અને ભૂ-રાજકીય મુદ્દાઓની ચર્ચા માટે આ મંચ અત્યંત મહત્વપૂર્ણ છે. ભારતની અધ્યક્ષતાનો મુખ્ય વિષય સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું છે. પુતિનની આ મુલાકાત ભારત અને રશિયાના વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવશે, ખાસ કરીને ઊર્જા, સંરક્ષણ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં બંને દેશો વચ્ચે સહયોગ વધશે.

# ઝારખંડમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૧૫ લાખનો ઈનામી શાહદેવ મહતો સહિત ચાર નક્સલીઓ ઠાર

(એચ.એસ.એલ),હજારીબાગ,તા.૧૭

ઝારખંડના હઝારીબાગ જિલ્લામાં સુરક્ષા દળોએ નક્સલવાદીઓ સામેના એન્કાઉન્ટરમાં અત્યાર સુધીની સૌથી મોટી સફળતા મેળવી છે. પોલીસ અને અર્ધલશ્કરી દળોએ ચતરા અને હઝારીબાગની સરહદે આવેલા જંગલોમાં થયેલી ભીષણ અથડામણમાં ચાર કુખ્યાત નક્સલીઓને ઠાર કર્યા છે. આ એન્કાઉન્ટરમાં ૧૫ લાખ રૂપિયાનું ઈનામ ધરાવતો માઓવાદી શાહદેવ મહતો પણ માર્યો ગયો છે. મહતોને આ વિસ્તારમાં થયેલી અનેક મોટી નક્સલી ઘટનાઓનો માસ્ટરમાઈન્ડ માનવામાં આવતો હતો. સુરક્ષા દળોએ નતાશા નામની મહિલા નક્સલીને પણ ઠાર કરી છે, જ્યારે અન્ય બે નક્સલીઓની ઓળખ મેળવવાની પ્રક્રિયા હાલ ચાલુ છે.

પોલીસ તંત્રને ગુપ્ત માહિતી મળી હતી કે નક્સલીઓનું એક મોટું જૂથ કોઈ મોટી ઘટનાને અંજામ આપવાના



ઈરાદે ચતરા-હઝારીબાગ સરહદ પર એકઠું થયું છે. આ માહિતીના આધારે પોલીસ અને અર્ધલશ્કરી દળોએ સંયુક્ત ઓપરેશન શરૂ કરી નક્સલીઓને ઘેરી લીધા હતા. પોતાને ઘેરાયેલા જોઈ નક્સલીઓએ ગોળીબાર શરૂ કર્યો, જેના જવાબમાં સુરક્ષા દળોએ પણ વળતો પ્રહાર કર્યો હતો. કલાકો સુધી ચાલેલી આ ભીષણ અથડામણમાં ચાર નક્સલીઓ સ્થળ પર જ માર્યા ગયા હતા. ઘટનાસ્થળેથી સર્ચ ઓપરેશન દરમિયાન એકે-૪૭ જેવા અત્યાધુનિક શસ્ત્રો, મોટી માત્રામાં દારૂગોળો અને નક્સલી સાહિત્ય જપ્ત કરવામાં આવ્યું છે.

# ઈન્ડોનેશિયામાં હેલિકોપ્ટર તૂટી પડતા બે ક્રૂ સહિત ૮ લોકોના મોત

જાકાર્તા,તા.૧૭


ઈન્ડોનેશિયાના બોર્નિયો ટાપુ પર શુક્રવારે એક અત્યંત દુઃખદ વિમાન દુર્ઘટના સર્જાઈ હતી. પીટી મેથ્યુ એર નુસંતારાનું એરબસ ૐ૧૩૦ હેલિકોપ્ટર પશ્ચિમ કાલીમંતન પ્રાંતના મેલાવી જિલ્લામાંથી બે પામ ઓઈલ પ્લાન્ટેશન વચ્ચે ઉડાન ભરી રહ્યું હતું ત્યારે ટેકઓફના માત્ર પાંચ જ મિનિટમાં તેનો સંપર્ક તૂટી ગયો હતો. આ હેલિકોપ્ટર કુબુ રાય જિલ્લા તરફ જઈ રહ્યું હતું પરંતુ અધવચ્ચે જ સેકાદાઉ જિલ્લાના ગાઢ જંગલોમાં તૂટી પડ્યું હતું. રાષ્ટ્રીય શોધ અને બચાવ એજન્સીએ કાટમાળમાંથી બે ક્રૂ સભ્યો અને છ મુસાફરો સહિત કુલ આઠ લોકોના મૃતદેહ બહાર કાઢ્યા છે જેમાં એક મલેશિયન નાગરિકનો પણ સમાવેશ થાય છે. આ ઘટનાએ ફરી એકવાર ઈન્ડોનેશિયાની નબળી પરિવહન સુરક્ષા અને વારંવાર બનતી વિમાન દુર્ઘટનાઓ સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. આ વિશાળ દ્વીપસમૂહ ધરાવતો દેશ લાંબા સમયથી પરિવહન અકસ્માતોની સમસ્યાથી સતત સંઘર્ષ કરી રહ્યો છે.

# રાહુલ ગાંધીની મુશ્કેલીમાં વધારો: હાઈકોર્ટે બેવડી નાગરિકતા કેસમાં FIR નોંધવાનો આદેશ આપ્યો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૭

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની મુશ્કેલીઓમાં વધારો થતો જણાય છે. અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચે બેવડી નાગરિકતા સંબંધિત કેસમાં તેમની વિરુધ્ધ FIR નોંધવાનો આદેશ આપ્યો છે. જસ્ટિસ સુભાષ વિદ્યાર્થીએ સુનાવણી દરમિયાન આ આદેશ આપતા જણાવ્યું હતું કે, આ મામલે તપાસ બાદ આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. કોર્ટે ઉત્તર પ્રદેશ સરકારને આ કેસની તપાસ કરવા અથવા તપાસ કેન્દ્રીય એજન્સીને સોંપવા નિર્દેશ આપ્યો છે.

આ આદેશ ભાજપ કાર્યકર એસ. વિઘ્નેશ શિશિર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આવ્યો છે. અગાઉ નીચલી અદાલતે રાહુલ ગાંધી વિરુધ્ધ FIR નોંધવાની અરજી ફગાવી



દીધી હતી, જેને હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. અરજદારે ભારતીય દંડ સંહિતા, સત્તાવાર ગુપ્તતા અધિનિયમ અને પાસપોર્ટ અધિનિયમ હેઠળ ગંભીર આરોપો લગાવીને વિગતવાર તપાસની માંગ કરી છે. અલ્હાબાદ હાઈકોર્ટના આ ઐતિહાસિક નિર્ણય બાદ અરજદારે ન્યાયતંત્રનો આભાર માન્યો હતો અને પોતાની સુરક્ષા વધારવા માટે ગૃહ મંત્રાલયને વિનંતી કરી છે. હવે રાયબરેલી પોલીસ સ્ટેશનમાં બ્રિટિશ નાગરિકતાના વિવાદ મુદ્દે તપાસ પ્રક્રિયા શરૂ થશે.

# છત્તીસગઢમાં પાવર પ્લાન્ટમાં થયેલા વિસ્ફોટ બાદ ૮ લોકો સામે ફરિયાદ

રાયપુર,તા.૧૭


છત્તીસગઢના શક્તિ જિલ્લામાં આવેલા વેદાંત પાવર પ્લાન્ટમાં થયેલા ભયાનક બ્લાસ્ટના મામલે હવે કાયદાકીય ગાળિયો કસાયો છે. ૧૪ એપ્રિલના રોજ થયેલા આ અકસ્માતમાં ૨૦ કામદારોના કરુણ મોત નીપજ્યા છે અને ૧૬ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ગંભીર ઘટનાને પગલે પોલીસે વેદાંત ગ્રુપના સ્થાપક અને ચેરમેન અનિલ અગ્રવાલ સહિત આઠ જવાબદાર અધિકારીઓ સામે ડાભરા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરી છે. પોલીસ અધિક્ષક પ્રફુલ ઠાકુરના જણાવ્યા મુજબ કંપની સામે ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટનાની તપાસ માટે એક વિશેષ ટેકનિકલ ટીમની રચના કરવામાં આવી છે જે વિસ્ફોટના મૂળ કારણોની તપાસ કરી રહી છે.

વહીવટીતંત્રે આ મામલે કડક કાર્યવાહી કરવાની અને પીડિતોને સંપૂર્ણ ન્યાય અપાવવાની ખાતરી આપી છે.

# દિલ્હી-મેરઠ એક્સપ્રેસ-વે પર અકસ્માતમાં ટેમ્પો ટ્રાવેલરની હડફેટે ત્રણ યુવાનોના થયા કરૂણ મોત

નવીદિલ્હી,તા.૧૭

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં દિલ્હી-મેરઠ એક્સપ્રેસ-વે પર એક કરુણ માર્ગ અકસ્માતમાં ત્રણ યુવાનોના મોત નિપજ્યા છે. આ અકસ્માત વિજયનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આઈપીઈએમ કોલેજ એક્ઝિટ પોઈન્ટ પાસે સર્જાયો હતો. દિલ્હીથી મેરઠ તરફ જતી મુખ્ય લેન પર એક થાર કાર ઉભી રાખવામાં આવી હતી,



જેમાંથી બહાર નીકળીને બે યુવાનો એક મોટરસાઈકલ સવાર સાથે વાત કરી રહ્યા હતા. આ દરમિયાન પાછળથી પૂરઝડપે આવતી એક ટેમ્પો ટ્રાવેલર બસે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરમાં બે યુવાનોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ત્રીજા યુવાનને હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં દમ તોડ્યો હતો.

મૃતકોની ઓળખ દીપક અને પ્રવીણ તરીકે થઈ છે, જ્યારે ત્રીજા યુવાનની ઓળખ હજુ બાકી છે. અકસ્માત સર્જનાર ટેમ્પો ટ્રાવેલર દિલ્હીથી હરિદ્વાર જઈ રહી હતી, જેમાં ૨૬ મહિલા પ્રવાસીઓ સવાર હતી. પોલીસે ટેમ્પો ટ્રાવેલરના ચાલક વીરેન્દ્રની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં અકસ્માતનું કારણ ઓવરસ્પીડિંગ અને બેદરકારી હોવાનું જણાય છે, પરંતુ એક્સપ્રેસ-વે પર વાહન પાર્ક કરવું પણ એક મોટું કારણ માનવામાં આવે છે.

# ઈફ્કો દ્વારા આયોજીત શ્રીનગરમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય મહિલા ખેડૂત સંમેલન યોજાયું

(એચ.એસ.એલ),જમ્મુ,તા.૧૭

જમ્મુ-કાશ્મીરની રાજધાની શ્રીનગરમાં શેર-એ-કાશ્મીર આંતરરાષ્ટ્રીય સંમેલન કેન્દ્ર ખાતે પ્રથમ 'આંતરરાષ્ટ્રીય મહિલા ખેડૂત સંમેલન' યોજાયું હતું, જેમાં ૮૦૦થી વધુ મહિલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઐતિહાસિક કાર્યક્રમનું ઉદ્‌ઘાટન લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ કર્યું હતું. ઈફ્કો (IFFCO) દ્વારા આયોજિત આ સંમેલનમાં તેમણે જણાવ્યું હતું કે, સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા વર્ષ ૨૦૨૬ને 'આંતરરાષ્ટ્રીય મહિલા ખેડૂત વર્ષ' તરીકે જાહેર કરવું એ એક મહત્વપૂર્ણ પગલું છે. આ પહેલ મહિલાઓને માત્ર મજૂર તરીકે નહીં પરંતુ કૃષિ વિકાસના 'સર્જકો' તરીકે પ્રસ્થાપિત કરશે. લેફ્ટનન્ટ



ગવર્નરે ભારપૂર્વક જણાવ્યું કે મહિલા ખેડૂતોના યોગદાન વિના ખાદ્ય સુરક્ષા અશક્ય છે, કારણ કે તેઓ કૃષિ, બાગાયત અને ડેરી જેવા ક્ષેત્રોમાં પુરુષો કરતાં વધુ મહેનત કરે છે. તેમણે નાણાકીય સંસ્થાઓને વિનંતી કરી કે તેઓ જમીન વિહોણી મહિલા ખેડૂતોને પણ લોન મળી રહે તેવી યોજનાઓ વિકસાવે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મહિલા સશક્તિકરણને ટોચની અગ્રતા આપવામાં આવી રહી છે.

# ઈઝરાયેલ-લેબનોન વચ્ચે થયેલા યુધ્ધ વિરામ બાદ હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા ઈરાનનો નિર્ણય

તહેરાન,તા.૧૭

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું છે કે ઈઝરાયલ અને લેબેનોન વચ્ચે થયેલા યુદ્ધવિરામ બાદ હવે હોર્મુઝ સ્ટ્રેટ તમામ વ્યાપારી જહાજો માટે ફરીથી ખુલ્લું મૂકવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ૨૮ ફેબ્રુઆરી




૨૦૨૬ના રોજ ઈઝરાયલ અને અમેરિકા દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલા બાદ ઈરાને વળતા પગલાં રૂપે આ વ્યૂહાત્મક દરિયાઈ માર્ગ બંધ કરી દીધો હતો. આ પ્રતિબંધને કારણે વિશ્વભરમાં LPG, LNG અને પેટ્રોલિયમ પદાર્થોની ભારે અછત સર્જાઈ હતી અને ઈંધણના ભાવ આસમાને પહોંચ્યા હતા. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુરોપિયન દેશોના સતત દબાણ બાદ આખરે આ માર્ગ ખુલતા વૈશ્વિક અર્થતંત્ર અને ખોરવાયેલી સપ્લાય ચેઈનને મોટું પ્રોત્સાહન મળશે.

# પંજાબના કેબિનેટ મંત્રી સંજીવ અરોરાના કાર્યાલય પર ઈડીના દરોડા

(એચ.એસ.એલ),ચંદીગઢ,તા.૧૭

પંજાબના કેબિનેટ મંત્રી અને ઉદ્યોગપતિ સંજીવ અરોરાના નિવાસસ્થાન અને કાર્યાલય સહિત કુલ ૧૩ સ્થળોએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. મની લોન્ડરિંગ અને જમીન સોદામાં કથિત ગેરરીતિઓના સંદર્ભમાં આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. લુધિયાણા સ્થિત તેમના નિવાસસ્થાને ઈડીની ટીમે તપાસ શરૂ કરી છે, જ્યાં સુરક્ષા માટે સેન્ટ્રલ પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી છે. મંત્રી ઉપરાંત તેમના વ્યવસાયિક ભાગીદારો હેમંત સૂદ અને ચંદ્રશેખર અગ્રવાલના પરિસરો પર પણ તપાસ ચાલી રહી છે.

સંજીવ અરોરાએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે તેઓ તપાસ એજન્સીઓને સંપૂર્ણ સહયોગ આપશે.

# મહિલા અનામત મુદ્દે કોંગ્રેસ કાચિંડાની જેમ રંગ બદલી રહી છે : માયાવતી

(એચ.એસ.એલ,લખનૌ,તા.૧૭

બહુજન સમાજ પાર્ટી (બીએસપી) ના સુપ્રીમો માયાવતીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કોંગ્રેસ અને સપા (સમાજવાદી પાર્ટી) પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે જણાવ્યું કે કોંગ્રેસે સત્તામાં હોવા છતાં ક્યારેય એસસી, એસટી અને ઓબીસી સમુદાયના હિતોનું ધ્યાન રાખ્યું નથી અને હવે તેઓ આ વર્ગની



મહિલાઓ માટે અનામતની વાતો કરી રહ્યા છે. માયાવતીએ કોંગ્રેસને એવો પક્ષ ગણાવ્યો જે બંધારણીય અધિકારોની બાબતમાં કાચંડાની જેમ રંગ બદલે છે. તેમણે યાદ અપાવ્યું કે ઓબીસી માટે ૨૭ ટકા અનામતનો અમલ પણ બીએસપીના પ્રયાસોથી વી.પી. સિંઘની સરકાર દરમિયાન થયો હતો.

માયાવતીએ સપા પર પણ નિશાન સાધતા કહ્યું કે, જ્યારે તેઓ સત્તામાં હતા ત્યારે પછાત વર્ગો પ્રત્યે તેમનું વલણ તિરસ્કારપૂર્ણ હતું .

# મુકેશ અંબાણીને પાછળ છોડી ગૌતમ અદાણી એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બન્યા

નવીદિલ્હી,તા.૧૭

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ ફરી એકવાર પોતાની વ્યાપારી ક્ષમતા સાબિત કરી છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સના તાજેતરના ડેટા અનુસાર, ગૌતમ અદાણી હવે માત્ર ભારતના જ નહીં પરંતુ સમગ્ર એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. આ સિદ્ધિ હાંસલ કરવા માટે તેમણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીને પાછળ છોડી દીધા છે. હાલમાં ગૌતમ અદાણીની કુલ સંપત્તિ ૯૨.૬ બિલિયન ડોલર છે, જ્યારે મુકેશ અંબાણી ૯૦.૮ બિલિયન ડોલર સાથે બીજા સ્થાને સરકી ગયા છે. ભારતીય શેરબજારમાં સામાન્ય ઘટાડો હોવા છતાં અદાણી ગ્રુપની કંપનીઓના શેરમાં થયેલા ઉછાળાને કારણે એક જ દિવસમાં તેમની સંપત્તિમાં ૩.૫૬ બિલિયન ડોલરનો વધારો થયો હતો.

વૈશ્વિક યાદીમાં ગૌતમ અદાણી હવે વિશ્વના ૧૯માં સૌથી ધનિક વ્યક્તિ છે અને આ વર્ષે તેમની સંપત્તિમાં ૮.૧૦ બિલિયન ડોલરનો



વધારો થયો છે. તેનાથી વિપરીત મુકેશ અંબાણી માટે આ વર્ષ પડકારજનક રહ્યું છે અને તેમની સંપત્તિમાં ૧૬.૯ બિલિયન ડોલરનો ઘટાડો નોંધાયો છે, જેના કારણે તેઓ વૈશ્વિક સ્તરે ૨૦માં ક્રમે પહોંચ્યા છે. વિશ્વના ટોચના ૨૦ ધનિકોમાં એલોન મસ્ક ૬૫૬ બિલિયન ડોલર સાથે પ્રથમ સ્થાને છે. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૬માં બર્નાર્ડ આર્નોલ્ટ, વોરેન બફેટ અને બિલ ગેટ્સ જેવા દિગ્ગજોની સંપત્તિમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. ભારત માટે ગૌવર્ની વાત એ છે કે ટોચના ૨૦ ધનિકોમાં બે ભારતીય ઉદ્યોગપતિઓ પોતાનું સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યા છે.

# પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતની ગેસ પાઈપલાઈનમાં વિસ્ફોટ થતા ૮ના મોત

પેશાવર,તા.૧૭

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના હરિપુર જિલ્લામાં એક ઔદ્યોગિક વિસ્તારમાં ગેસ પાઈપલાઈનમાં પ્રચંડ વિસ્ફોટ થતા ઓછામાં ઓછા આઠ લોકોના મોત નિપજ્યા છે. આ ઘટના હરિપુર જિલ્લાના હટ્ટર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં ગ્રાન્ડ ટ્રંક રોડ પાસે આવેલી એક ફેક્ટરી નજીક બની હતી. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેના કારણે તરત જ વિશાળ આગ ફાટી નીકળી હતી, જે નજીકના



રહેણાંક વિસ્તારોમાં પણ ફેલાઈ ગઈ હતી. આગની ઝપેટમાં એક ઘર આવી જતાં જાનહાનિના આંકડામાં વધારો થયો હતો. રેસ્ક્યુ ૧૧૨૨ ના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં આઠ લોકોના મોત થયા છે, જ્યારે અનેક લોકો ગંભીર રીતે દાઝી ગયા છે. હરિપુર જિલ્લા પોલીસના જણાવ્યા અનુસાર, બચાવ કામગીરી દરમિયાન ચાર મહિલાઓ અને છ બાળકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. હરિપુરના ડેપ્યુટી કમિશનર વસીમ અહેમદે જણાવ્યું હતું કે, મોટાભાગના લોકોના મોત ગૂંગળામણને કારણે થયા હોવાનું જણાય છે. વિસ્ફોટનો અવાજ એટલો તીવ્ર હતો કે આસપાસના વિસ્તારો પણ ધણધણી ઉઠ્યા હતા. હાલમાં ઘાયલોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે અને વિસ્ફોટના ચોક્કસ કારણની તપાસ કરવામાં આવી રહી છે.

# ખાંભાના ભૂંડણી ગામે નદીમાં ન્હાવા પડેલા બે સગ્ગા ભાઈઓના ડૂબી જવાથી કરૂણ મોત

રાજુલા,તા.૧૭



તસવીર : ગોપાલ રાઠોડ

ખાંભા તાલુકાના ભૂંડણી ગામે બે નિર્દોષ બાળકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર મહીડા પરિવારના બે સગા ભાઈઓ રુદ્ર નાજાભાઈ મહીડા જેની ઉંમર ૧૦ વર્ષ હતી અને પાર્થ નાજાભાઈ મહીડા જેની ઉંમર ૮ વર્ષ હતી તેઓ ગામની નજીક વહેતી નદીમાં સ્નાન કરવા માટે ગયા હતા. સ્નાન કરતી વખતે અચાનક પાણી ઊંડું હોવાને કારણે અથવા પ્રવાહને લીધે બંને બાળકો ડૂબવા લાગ્યા હતા અને જોતજોતામાં પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ અકસ્માતની જાણ આસપાસના લોકોને થતા ભારે નાસભાગ મચી ગઈ હતી અને તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ઘટનાની ગંભીરતા જોઈ તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સની મદદ લેવામાં આવી હતી અને બંને બાળકોને બેભાન અવસ્થામાં સારવાર અર્થે રાજુલાની સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ બંને બાળકોની તપાસ કરી મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

# રાજ્યમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં ૨૬મીએ મોદી-શાહ મતદાન કરવા આવશે

અમદાવાદ,તા.૧૭



ગુજરાતમાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રાજકીય માહોલ ગરમાયો છે. ૨૬ એપ્રિલે યોજાનાર મતદાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિતના ટોચના નેતાઓ ગુજરાત આવી પોતાનો મતાધિકારનો ઉપયોગ કરશે. વડાપ્રધાન મોદી અમદાવાદના રાણીપ વિસ્તારના મતદાતા તરીકે હંમેશા મતદાનને લોકશાહીનો પર્વ ગણાવી સક્રિય ભાગ લેતા રહ્યા છે. આ વખતે પણ તેઓ મતદાન કરશે તેવી શક્યતા છે. અમિત શાહ નારણપુરા વિસ્તારમાં મતદાન કરશે અને તેમની હાજરી કાર્યકરોમાં ઉત્સાહ જગાવે છે. ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મધ્ય પ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલ પણ મતદાન માટે ગુજરાત આવશે. ઉપરાંત કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા, સી.આર. પાટીલ અને નીમૂબેન બાંભણિયા પણ પોતાના મતનો ઉપયોગ કરશે. દિગ્ગજ નેતાઓનું મતદાન યુવા અને પ્રથમવાર મતદારો માટે પ્રેરણારૂપ છે.

# બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીને ધમકી આપનાર યુવક સાણંદથી ઝડપાયો

અમદાવાદ,તા.૧૭

બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીને જાનથી મારવાની ધમકી આપવાના કેસમાં ગુજરાત પોલીસને મહત્વપૂર્ણ સફળતા મળી છે. સાણંદ પોલીસે ટેકનિકલ સર્વેલન્સની મદદથી શેખર યાદવ નામના આરોપીની ધરપકડ કરી છે. આરોપીએ મુખ્યમંત્રીના પર્સનલ આસિસ્ટન્ટને ફોન કરીને ગંભીર ધમકી આપી હતી, જેના પગલે બિહારના મુંગેર જિલ્લામાં ફરિયાદ નોંધાઈ હતી. તપાસ દરમિયાન લોકેશન ટ્રેસ થતા સાણંદ-કડી રોડ પરથી તેને ઝડપી લેવાયો હતો. પકડાયેલો આરોપી મૂળ બિહારના બાંકા જિલ્લાનો રહેવાસી છે અને સાણંદ નજીકની એક કંપનીમાં નોકરી કરતો હતો. પ્રાથમિક પૂછપરછમાં તેણે ગુનો કબૂલી લીધો છે. સાણંદ પોલીસે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની ગંભીર કલમો હેઠળ કાર્યવાહી કરી છે અને હવે તેને વધુ તપાસ માટે બિહાર પોલીસને સોંપવાની પ્રક્રિયા ચાલી રહી છે.

# થરાદના ડોડગામે તળાવમાં ડૂબી જવાથી ભાઈ-બહેન અને યુવતીનું કરૂણ મોત

પાલનપુર,તા.૧૭



બનાસકાંઠા જિલ્લાના વાવ-થરાદ તાલુકાના ડોડગામમાં તળાવમાં ડૂબી જવાથી એક જ પરિવારના ત્રણ બાળકોના કરુણ મોત નિપજ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ, હેતલ (૧૮), ગુડી (૧૩) અને તેમના ફોઈનો દીકરો વિપુલ (૧૨) પાણી લેવા તળાવે ગયા હતા. આ દરમિયાન વિપુલનો પગ લપસતા તે ઊંડા પાણીમાં તણાઈ ગયો હતો. તેને બચાવવા માટે ગુડી પાણીમાં ઉતરી, પરંતુ તે પણ ડૂબવા લાગી. બાદમાં મોટી બહેન હેતલ બંનેને બચાવવા માટે કૂદી પડી, પરંતુ કમનસીબે તળાવ ઊંડું હોવાને કારણે ત્રણેય એક પછી એક પાણીમાં ગરકાવ થઈ ગયા. માતાની આંખો સામે બનેલી આ ઘટનાએ સમગ્ર ગામમાં શોક ફેલાવ્યો છે. ગ્રામજનોએ ભારે જહેમત બાદ મૃતદેહોને બહાર કાઢ્યા હતા. આ દુર્ઘટનાએ પરિવારમાં અપૂરણીય ખોટ ઉભી કરી છે.

# વડોદરામાં લવજેહાદમાં કાર્યવાહી ન કરવા લાંચ માંગવા બદલ પીઆઈના મળતીયાની ધરપકડ

વડોદરા,તા.૧૭

વડોદરા ગ્રામ્યમાં લવજેહાદ કેસમાં કાર્યવાહી ન કરવા બદલ લાંચ લેવાના કૌભાંડમાં પાદરા પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એ. ચારણના મળતીયા સાજીદઅલી ગુલામરસુલ સૈયદને એસીબીએ રંગેહાથ ઝડપી લીધો છે. પીઆઈ ચારણ સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે. માહિતી મુજબ, તા. ૯ એપ્રિલે ફરીયાદી અને સાહેદ વચ્ચે થયેલા ઝઘડાને પગલે તેમને પાદરા પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. ત્યારે પીઆઈ ચારણે કેસમાં લવજેહાદનો ગુનો બનતો હોવાની વાત કરી કાર્યવાહી ટાળવા માટે સાજીદઅલીનો સંપર્ક કરવા કહ્યું હતું. આરોપીએ શરૂઆતમાં ૬ લાખ રૂપિયાની માંગણી કરી હતી, પરંતુ અંતે ૨ લાખ રૂપિયા પર સોદો થયો હતો. ફરીયાદીએ લાંચ આપવા ઈનકાર કરતાં એસીબીનો સંપર્ક કર્યો હતો. એસીબીની ટ્રેપ દરમિયાન સાજીદઅલી ૨ લાખ રૂપિયા સ્વીકારતા જ પકડાઈ ગયો હતો, જ્યારે પીઆઈ ચારણ ફરાર હોવાનું જાણવા મળે છે.

# હાઈકોર્ટે આસારામ આશ્રમની ૪૫,૦૦૦ ચોરસ મીટર જમીન ખાલી કરવાનો આદેશ યથાવત રાખ્યો

અમદાવાદ,તા.૧૭



ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે આસારામ આશ્રમની અપીલ ફગાવી રાજ્ય સરકારના જમીન પરત લેવાના નિર્ણયને માન્યતા આપી છે. અમદાવાદના મોટેરા વિસ્તારમાં આવેલી આશરે ૪૫,૦૦૦ ચોરસ મીટર જમીન ખાલી કરવાના આદેશને કોર્ટે યથાવત રાખ્યો છે. સરકારી રેકોર્ડ મુજબ આશ્રમને ૩૩,૯૮૦ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી હતી, પરંતુ જીપીએસ આધારિત સેટેલાઈટ માપણીમાં આશ્રમનો કબજો લગભગ ૫૦,૦૦૦ ચોરસ મીટર સુધી હોવાનું બહાર આવ્યું હતું. કોર્ટે આ ડેટાને વિશ્વસનીય માની અતિક્રમણ સાબિત કર્યું. અદાલતે નોંધ્યું કે આશ્રમે શરતોનો ભંગ કરીને જાહેર જમીન પર ગેરકાયદે કબજો કર્યો હતો. ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવાની માંગણી પણ નામંજૂર કરવામાં આવી. ચુકાદા બાદ જિલ્લા તંત્ર માટે જમીન કબજામાં લેવા માર્ગ સરળ બન્યો છે.

# ચૂંટણી યોજાય તે પહેલા જ વડોદરા-મહેસાણાના ૧૬ ભાજપ નેતાઓ પાંચ વર્ષ માટે સસ્પેન્ડ

અમદાવાદ,તા.૧૭




ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન ભાજપે શિસ્તભંગ કરનારાઓ સામે કડક વલણ અપનાવ્યું છે. વડોદરા અને મહેસાણા જિલ્લાના કુલ ૧૬ કાર્યકરો અને પદાધિકારીઓને પક્ષમાંથી ૫ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પક્ષના સત્તાવાર ઉમેદવારો સામે અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવવી અથવા અન્ય પક્ષોમાંથી ચૂંટણી લડવી જેવી પ્રવૃત્તિઓને કારણે આ પગલું લેવામાં આવ્યું છે. વડોદરામાં પાદરાના નરસિંહભાઈ પટેલ સહિત અનેક સ્થાનિક નેતાઓ સામે કાર્યવાહી થઈ છે. વાઘોડિયા, સાવલી, ડભોઈ અને કરજણ તાલુકાના નેતાઓ પણ સસ્પેન્શનની ઝપેટમાં આવ્યા છે.મહેસાણા જિલ્લામાં પણ પાંચ નેતાઓ સામે સમાન કાર્યવાહી કરવામાં આવી છે. પક્ષે સ્પષ્ટ કર્યું છે કે શિસ્ત અને વફાદારી સર્વોપરી છે.ચૂંટણીના સમયે લેવામાં આવેલ આ નિર્ણયથી રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે અને બળવાખોર કાર્યકરોને કડક સંદેશ મળ્યો છે.

# વેવાઈના સંસ્કાર તપાસીએ છીએ તેમ ઉમેદવાર તપાસીને મત આપજો: નીતિન પટેલ

**ભાજપના સમર્થનમાં અપીલ, લાલચ સામે સાવચેત રહેવાની ચેતવણી**

કડી,તા.૧૭



કડી ખાતે યોજાયેલી જાહેર સભામાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે મતદારોને સંબોધતા જણાવ્યું કે, જેમ દીકરીના લગ્ન સમયે વેવાઈના સંસ્કાર અને પ્રતિષ્ઠા તપાસીએ છીએ, તેમ મતદાન વખતે ઉમેદવારને પણ પારખવો જોઈએ. તેમણે ભાજપના ઉમેદવાર મયંક પટેલને શિક્ષિત અને સેવાભાવી ગણાવી સમર્થન આપવા અપીલ કરી હતી. તેમણે કાયદો અને વ્યવસ્થા મુદ્દે સરકારની કામગીરીની પ્રશંસા કરી અને અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવાની વાત કરી. સાથે જ મતદારોને પૈસા કે સામાનની લાલચથી દૂર રહેવાની ચેતવણી આપી હતી.

# ભરૂચના વાલિયામાં ચોકલેટની લાલચ આપી પાંચ વર્ષની બાળા સાથે દુષ્કર્મ

ભરૂચ,તા.૧૭

ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકામાં પાંચ વર્ષની બાળકી સાથે દુષ્કર્મની હૃદયવિદારક ઘટના સામે આવી છે. આરોપીએ ચોકલેટ અને ખાવાની વસ્તુઓની લાલચ આપી બાળકીને સાથે લઈ જઈ ગામની સીમ વિસ્તારમાં તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.ઘટના બાદ પરિવારમાં અને ગામમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. વાલિયા પોલીસએ તાત્કાલિક ગુનો નોંધી એલસીબી અને એસ.ઓ.જી સહિતની ટીમો સાથે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન આરોપીની ઓળખ રાજુ શાંતિલાલ ગામીત તરીકે થઈ હતી અને તેને ઝડપી પાડવામાં આવ્યો છે. બાળકીનું મેડિકલ પરીક્ષણ કરાયું છે. પોલીસ મજબૂત પુરાવા એકત્રિત કરી આરોપીને કડક સજા અપાવવા કાર્યવાહી કરી રહી છે.

# સાંતેજમાં બોગસ પત્રકારનો ભંડાફોડ

**મહિલા બુટલેગર પાસેથી ૧.૦૫ લાખ ખંડણી માંગી હતી**

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર જિલ્લાના સાંતેજમાં મહિલા બુટલેગરને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી ૧.૦૫ લાખ રૂપિયા પડાવનાર બોગસ પત્રકાર અંકિત વ્યાસને પોલીસે ઝડપી પાડ્યો છે. મીતાંશુ દરજી અને સંજય પાંડે ફરાર છે.

પોલીસ તપાસમાં ખુલ્યું કે આ ટોળકી પત્રકારત્વના નામે લોકોને બ્લેકમેલ કરતી હતી. ગુનો નોંધી પોલીસે શોધખોળ તેજ કરી છે.







